| GJPM010007982026 | કેસ રજુ તારીખ: | ૨૮–૦૨–૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| | કેસ નોધ્યા તારીખ : | ૨૮–૦૨–૨૦૨૬ | | |
| | કેસ ફેંસલ કર્યા તારીખ: | ૦૩–૦૬–૨૦૨૬ | | |
| | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | – | ૦૩ | ૦૬ |

**Exh.-76**

| **પંચમહાલ જિલ્લાનાં મે. સ્પે.કોર્ટ(પોક્સો) અને બીજા એડીશનલ સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.ગોધરા,જિ.પંચમહાલ.**<br>**જજમેન્ટ તારીખ : ૩/૬/૨૦૨૬**<br>**સ્પે. કેસ (પોક્સો) નં. ૯/ ૨૦૨૬**<br>શહેરા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૬૧૨૫૧૧૦૦/૨૦૨૫<br>ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૨), ૬૪(૨)(એમ),૬૫(૧), ૩૫૨ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૪,૬,૧૨ મુજબ. | |
|---|---|
| Complainant | ગુજરાત રાજય |
| Represented by | વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ |
| Accused | નવીનકુમાર શનાભાઇ પગી<br>ઉ.વ.– ૧૮,<br>રહે. આગરવાડા, ટેકરા ફળીયું, તા. મોરવા હડફ, જિ. પંચમહાલ. |
| Represented by | આરોપીના વિ.વકીલ સુ.શ્રી એસ.જી.શેખ |

| | |
|---|---|
| Date of Offence | 04-12-2025 |
| Date of FIR | 09-12-2025 |
| Date of Charge sheet | 28-02-2026 |
| Date of Framing of Charges | 13-03-2026 |
| Date of commencement of evidence | 17-03-2026 |
| Date on which Judgment is reserved | 03-06-2026 |

| Date of the Judgment | 03-06-2026 |
|---|---|
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Released on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | નવીનકુમાર શનાભાઈ પગી | ૧૧/૧૨/૨૫ | યુ.ટી.પી. | બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૨), ૬૪(૨)(એમ),૬૫(૧), ૩૫૨ તથા પોકસો એકટની કલમ–૪,૬,૧૨ મુજબ | નિર્દોષ | – | – |

## :: ચુકાદો ::

**૧.** ધી પોકસો એકટની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ ' ભોગબનનાર ' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

**૨.** આરોપી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૨), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૨ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટની (જેનો હવે પછી ''પોકસો એકટ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ –૪, ૬ અને ૧૨ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**૩.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૪/૧૨/૨૫ ના કલાક ૨૩–૦૦ થી તા. ૭/૧૨/૨૫ ૧૫–૦૦ દરમ્યાન મોજે બોરીયાવી ગામે તા. શહેરા ગામેથી ફરીયાદી/

ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતો છતાં આરોપી બાઇક લઇને આવી ફરીયાદીબેનને ફોન કરી બોલાવી મારી સાથે નહી આવે તો જાનથી મારી નાખવાની તેમજ મરી જવાની ધમકીઓ આપી બે ત્રણ ઝાપટો મારી બાઇક ઉપર બેસાડી નદી નજીક લઇ જઇ શરીર સંબંધ બાંધી ફરીયાદીને ધાક ધમકીઓ આપી બાઇક ઉપર બેસાડી મોરવા(હ) ખાતે લઇ જઇ ત્યાંથી કાલાવાડા વાડીમાં લઇ જઇ શરીર સંબંધ બાંધી ગુનો કરેલ છે.

૪. ફરીયાદી/ભોગબનનારે શહેરા પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ શહેરા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૬૧૨૫૧૧૦૦/૨૦૨૫ થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસના અંતે હાલના આરોપી સામે સ્પેશ્યલ કોર્ટ, ગોધરામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૨), ૬૪(૨)(એમ),૬૫(૧), ૩૫૨ તથા પોકસો એકટની કલમ ૪, ૬ અને ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલું.

૫. આરોપી હાજર થતા તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૪૯ અન્વયે બંને પક્ષને સાંભળી આંક–૭ થી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૨), ૬૪(૨)(એમ),૬૫(૧), ૩૫૨ તથા પોકસો એકટની કલમ ૪, ૬ અને ૧૨ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલો અને તે મતલબની આરોપીની પ્લી યાને નિવેદન આંક–૮ થી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદ પક્ષના પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

૬. ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## LIST OF PROSECUTION WITNESS

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-1 | ૯ | રત્નાભાઇ ગલાભાઇ વણકર | ગુનાવાળી જગ્યાના તથા મો.સા. કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ |
| PW-2 | ૧૨ | ગુલાબભાઇ કાનાભાઇ પટેલીયા | ગુનાવાળી જગ્યાના તથા મો.સા. કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ |
| PW-3 | ૧૪ | પ્રવિણકુમાર કમજીભાઇ ડામોર | આરોપી તથા ભોગબનનારના કપડા કબજે કર્યાના તથા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ |
| PW-4 | ૨૩ | ભોગબનનાર | ફરીયાદી /ભોગબનનાર |
| PW-5 | ૨૬ | ભોગબનનારના પિતા | સાહેદ |
| PW-6 | ૨૭ | ભોગબનનારની માતા | સાહેદ |
| PW-7 | ૨૯ | રતનસિંહ બાધરસિંહ બારીઆ | સાહેદ |
| PW-8 | ૩૦ | મહેન્દ્રસિંહ ગુલાબસિંહ ડાભી | સાહેદ |
| PW-9 | ૩૧ | શૈલેષભાઇ મફતભાઇ પટેલ | આચાર્ય |
| PW-10 | ૩૬ | ડો.અનીલ રતનસિંહ મકવાણા | મેડીકલ ઓફીસર |
| PW-11 | ૩૮ | શૈલેષકુમાર ચંદુભાઇ બામણીયા | ત.ક.મંત્રી |
| PW-12 | ૪૨ | ડો.અશ્વીન ભગતસિંહ રાઠોડ | મેડીકલ ઓફીસર |
| PW-13 | ૪૮ | ડો.કૃતિ રીતેષભાઇ પટેલ | ગાયનેકોલોજીસ્ટ |
| PW-14 | ૫૧ | ડો. જયેશ લાલુભાઇ ગોહીલ | મેડીકલ ઓફીસર |
| PW-15 | ૫૭ | અંકુર બાબુભાઇ ચૌધરી | ત.ક.અ. |

## LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Ex-10/PW-1 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 2 | Ex-11/PW-1 | મોટરસાયકલ કબજે કર્યાનું પંચનામું |
| 3 | Ex-15/PW-3 | પંચોની ફાળવણીનો હુકમ |
| 4 | Ex-16/PW-3 | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 5 | Ex-17,18/PW-3 | મુદ્દામાલ કાપલીઓ |
| 6 | Ex-19/PW-3 | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 7 | Ex-20,21/PW-3 | મુદ્દામાલ કાપલીઓ |
| 8 | Ex-22/PW-3 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 9 | Ex-24/PW-4 | ફરીયાદ |
| 10 | Ex-25/PW-4 | ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન |
| 11 | Ex-32/PW-9 | જનરલ રજીસ્ટરની ખરી નકલ |
| 12 | Ex-33/PW-9 | વાલી સર્ટી રરપર |
| 13 | Ex-34/PW-9 | પી.આઇ. શહેરા પો.સ્ટે.નાઓએ લખેલ ચાદી |
| 14 | Ex-35/PW-9 | વચપત્રકનો ઉતારો |
| 15 | Ex-37/PW-10 | ભોગબનનારનુ એમ.એલ.સી. |
| 16 | Ex-39/PW-11 | જન્મ નોંધણી રજીસ્ટરની ખરી નકલ |
| 17 | Ex-40/PW-11 | ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર આપવા અંગેની ચાદી |
| 18 | Ex-41/PW-11 | ભોગબનનારના જન્મનુ પ્રમાણપત્ર |
| 19 | Ex-43/PW-12 | ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા અંગેની ચાદી |
| 20 | Ex-44/PW-12 | એફ.એસ.એલ. અંગેની ચાદી |
| 21 | Ex-45/PW-12 | ભોગબનનારનુ એમ.એલ.સી. |
| 22 | Ex-49/PW-13 | ભોગબનનારનો લેબ રીપોર્ટ |
| 23 | Ex-50/PW-13 | ભોગબનનારનો ગાયનેક રીપોર્ટ |
| 24 | Ex-52/PW-14 | આરોપીની મેડીકલ તપાસણી અંગેની ચાદી |
| 25 | Ex-53/PW-14 | એફ.એસ.એલ. અંગેની ચાદી |
| 26 | Ex-54/PW-14 | આરોપીનુ એમ.એલ.સી. |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 27 | Ex-58/PW-15 | ડેપ્યુટ હુકમ |
| 28 | Ex-59/PW-15 | સુચિપત્ર |
| 29 | Ex-60/PW-15 | ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા એડી.ચીફ કોર્ટ, શહેરાને કરેલ યાદી |
| 30 | Ex-61/PW-15 | બી.એસ.એ.એકટની કલમ ૬૩(૪)(સી) મુજબનુ પ્રમાણપત્ર |
| 31 | Ex-62/PW-15 | હેઝ વેલ્યુ રીપોર્ટ |
| 32 | Ex-63/PW-15 | બી.એસ.એ.એકટની કલમ ૬૩(૪)(સી) મુજબનુ પ્રમાણપત્ર |
| 33 | Ex-64/PW-15 | હેઝ વેલ્યુ રીપોર્ટ |
| 34 | Ex-65/PW-15 | બી.એસ.એ.એકટની કલમ ૬૩(૪)(સી) મુજબનુ પ્રમાણપત્ર |
| 35 | Ex-66/PW-15 | હેઝ વેલ્યુ રીપોર્ટ |
| 36 | Ex-67/PW-15 | રવાનગી નોંધ તથા સત્તા અંગેનુ પ્રમાણપત્ર |
| 37 | Ex-68/PW-15 | ના.પો.અધિ. શ્રી ને કરેલ યાદી |
| 38 | Ex-69 /PW-15 | યાદી |
| 39 | Ex-70/PW-15 | આચાર્ય શ્રી ને કરેલ યાદી |
| 40 | Ex-71/PW-15 | આચાર્યશ્રીએ લખેલ પત્ર |
| 41 | Ex-72/PW- 15 | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| 42 | Ex-73/PW-15 | એફ.એસ.એલ. વડોદરાનો પત્ર |
| 43 | Ex-74/PW-15 | બાયોલોજી તથા સીરોલોજી રીપોર્ટ |

## Material Objects:

| Sr. No. | Material Obj. No. | Description |
|---|---|---|
| 1 | MO-1 | એક કાળા કલરનું આખી બાયનુ શર્ટ |
| 2 | MO-2 | એક આછા વાદળી કલરનુ પેન્ટ |
| 3 | MO-3 | એક ગુલાબી કલરનુ ટોપ |

| | | |
|---|---|---|
| 4 | MO-4 | એક ગુલાબી કલરની લેંગીસ |
| 5 | MO-5 | એક મો.સા.નં. જી.જે.૧૭ સી.કયુ.પ૨૯૯ |

**૭.** ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું આંક–૭પ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

**૮.** ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૩૫૧ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી તેઓ નિર્દોષ છે તેઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરવામા આવેલ છે તેમજ ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૯.** આરોપી પક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કોર્ટના સાક્ષી તરીકે કોઈ વ્યકિતને તપાસેલા નથી.

**૧૦.** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ તથા બચાવ પક્ષ તરફે વિ.વકીલ શ્રી એસ.જી.શેખ ને સાંભળ્યા.

**૧૧.** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી ની રજુઆત છે કે, આ કામના આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણતા હોવા છતાં ભોગબનનારને ફોન કરી ઘરની નજીક રોડ ઉપર બોલાવી અને પોતાની સાથે લઈ જવા માટે ભોગબનનારને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને ભોગબનનારને તેની સાથે લઈ જવા માટે ગાલ ઉપર બે ત્રણ ઝાપટો મારેલ અને ધકકો મારી અને રોડની બાજુમા પાડી દીધેલ તથા ભોગબનનારના વાલીની સંમતિ વગર મોટર સાયકલ પર બેસાડી જુદી જુદી જગ્યાએ લઈ ગયેલ અને ભોગબનનારની મરજી

વિરૂધ્ધ અવાર નવાર શારીરીક સંબંધો બાંધેલ અને આમ કરી આરોપીએ ગુનો કરેલ તે બાબતે થયેલ ફરીયાદ અનુસંધાને તપાસના અંતે ચાર્જશીટ ફાઇલ કરવામા આવેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષે ભોગબનનાર સગીર વયના હોવાનુ પુરવાર કરવા માટે ભોગબનનારની શાળાના આચાર્ય તથા ભોગબનનારના જન્મની નોંધણી થયેલ તે ગ્રામ પંચાયતના જન્મ મરણ અધિકારીને તપાસવામા આવેલ છે અને તેમણે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા આધારે બનાવ સમયે ભોગબનનાર સગીર વયના હોવાનુ સ્પષ્ટપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. વધુમાં આ કામના આરોપીએ ભોગબનનારને જાનથી મારી નાખવાની ધમકી આપીને પોતાની સાથે લઇ ગયેલ અને જુદી જુદી જગ્યાએ રાખી ભોગબનનાર સાથે તેણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલ તે બાબતે ફરીયાદ પક્ષે તપાસેલ ભોગબનનારની જુબાની જોતાં તેણીએ પોતાની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ છે તેમજ આંક-૨૫ થી રજુ થયેલ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ ના નિવેદન થી પણ ભોગબનનારની હકીકતને સમર્થન મળે છે. તે જ રીતે આ કામે તપાસેલ મેડીકલ ઓફીસર શ્રીઓની જુબાની થી પણ આ કામના ભોગબનનાર ની હકીકતને સંપુર્ણપણે સમર્થન મળેલ છે અને આ કામે તપાસેલ અન્ય સાહેદો તથા પોલીસ સાહેદની જુબાની થી પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતુ હોય તે સંજોગોમા આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા ફરીયાદ પક્ષ સફળ રહેલ હોય જેથી, આ કામના આરોપીને કાયદામા મુકરર કરેલ મહતમ સજા કરવા વિનંતી કરેલ છે.

**૧૨.** બચાવ પક્ષના વિ.વકીલ શ્રી ની રજુઆત છે કે, આ કામે ફરીયાદ પક્ષે ભોગબનનાર સગીર વયના હોવાનુ પુરવાર કરવા માટે તપાસેલ સાહેદોની જુબાનીમાં મહત્વની બાબતો વિશે વિરોધાભાસ છે અને તેઓની જુબાની શંકાસ્પદ હોવાનુ સ્પષ્ટપણે જણાય છે. આ કામે ભોગબનનારની શાળાના આચાર્યની જુબાની જોતાં તેમણે પોતાની

જુબાનીમાં ભોગબનનારના પિતાએ આપેલી માહીતીના આધારે ભોગબનનારને પ્રવેશ આપવામા આવેલ હતો અને ભોગબનનારના પિતાએ જે તે સમયે વાલી ફોર્મ ભરેલ જે વાલીફોર્મમાં ભોગબનનારની જન્મ તારીખ તેઓએ લખેલ જે આધારે ભોગબનનારની જન્મ તારીખ લખવામા આવેલ છે. જયારે ઉલટતપાસમાં તેઓએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, ભોગબનનારની જન્મ તારીખ કયા આધારે નોંધવામા આવેલ તેનો કોઇ પુરાવો તેમની પાસે નથી. જેથી ભોગબનનારની શાળાના ભોગબનનારની જન્મ તારીખ વાલીના પ્રવેશ ફોર્મ આધારે લખવામા આવેલ હોય અને જન્મ તારીખ બાબતે કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ ન હોય જેથી શાળામા દર્શાવેલ જન્મ તારીખ શંકાસ્પદ છે. તે જ રીતે ગ્રામપંચાયતના ત.ક.મંત્રીની જુબાની ધ્યાને લેતાં તેમાં ભોગબનનારની જે જન્મ તારીખ લખાવવામા આવેલ છે તે પણ કોઇ પણ જાતના દસ્તાવેજી પુરાવા વિના લખાવવામા આવેલ છે તેવું સદર સાહેદની ઉલટતપાસમાં તેઓએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ ભોગબનનારનો જન્મ હોસ્પિટલમા નહી પરંતુ ઘરે થયેલ હોવાની તેમના રેકર્ડમા નોંધ છે અને ઉલટતપાસ જોતાં તેમના રજીસ્ટરમા બાળકની સંખ્યા ૧ + ૨ દર્શાવેલ છે. જે બાબતે તેમની ઉલટતપાસ કરતાં ૧ + ૨ નો અર્થ જન્મનાર બાળક ઉપરાંત બે બાળકો હતા તેવો થાય તેવુ જણાવેલ છે. જયારે ભોગબનનારના માતા પિતા તથા ભોગબનારની જુબાની જોતાં ભોગબનનાર થી મોટો એક દીકરો છે તથા ભોગબનનાર બીજા નંબરનુ સંતાન છે. જેથી ભોગબનનારની જન્મની નોંધણી કરાવવા ગયેલ ત્યારે ભોગબનનાર ઉપરાંત તેમનો મોટો દીકરો હતો જેથી ૧ + ૧ લખાવવુ જોઇએ જેના બદલે ૧ + ૨ લખવામા આવેલ હોય જે શંકાસ્પદ છે અને આ નોંધણી ભોગબનનારની નથી તેવું સ્પષ્ટપણે પુરવાર થાય. ભોગબનનારનો જન્મ ઘરે થયેલ છે અને જયારે ઘરે જન્મ થયેલ હોય ત્યારે ભોગબનનારની જન્મની નોંધ જન્મ થયા બાદ તુરંત કરવામા આવતી નથી. પરંતુ માતા પિતા તેમની અનુકુળતા પ્રમાણે નોંધણી કરાવતા

હોચ છે. હાલના કેસમા ભોગબનનાર બીજા નંબરનુ બાળક હોવા છતાં ભોગબનનારના જન્મની નોંધમા ૧ + ૨ લખવામા આવેલ છે અને ત.ક.મંત્રીની જુબાની મુજબ ભોગબનનાર ઉપરાંત બીજા બે બાળકો હતા તેવું ઉલટતપાસમા જણાવેલ હોચ ભોગબનનારના જન્મની નોંધ શંકાસ્પદ બને છે અને તેના આધારે ભોગબનનારની જન્મ તારીખ ૨૧/૪/૨૦૧૦ ની હોવાનુ નિ:શંકપણે પુરવાર થતુ નથી.વધુમાં ભોગબનનાર તથા તેણીના માતા પિતાની જુબાની જોતાં તેઓએ ભોગબનનારની જન્મ તારીખ જણાવેલ નહી અને ભોગબનનારના પિતાની જુબાની જોતા તેઓએ ઉલટતપાસમાં તેઓના લગ્ન બાવીસ ત્રેવીસ વર્ષની ઉંમરે થયેલ હોવાનુ તથા તેમના ત્રણેય બાળકોની વચ્ચે એક એક વર્ષનુ અંતર હોવાનુ અને તેમના મોટા દીકરાનો જન્મ લગ્નના એક વર્ષ બાદ થયેલ હોવાનુ જણાવેલ છે. જેથી પણ ભોગબનનાર બનાવ સમયે સગીર વયના હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ નથી.

વધુમાં રજુઆત છે કે, આ કામે ભોગબનનારની જુબાની તેમજ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ ભોગબનનારનુ નિવેદન તથા મેડીકલ ઓફીસર સમક્ષની ભોગબનનારની હીસ્ટ્રી ધ્યાને લેતાં ભોગબનનારે વિરોધાભાસી હકીકતો જણાવેલી છે. વધુમાં ભોગબનનારના માતા–પિતાની જુબાની જોતાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી તેમજ તેઓની જુબાનીમાં પણ મહત્વની બાબતો વિશે વિરોધાભાસ છે. વધુમાં આ કામે તપાસેલ અન્ય સાહેદોની જુબાની જોતાં ભોગબનનારના ગામના સરપંચે ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ છે તેમજ અન્ય સાહેદની જુબાની જોતાં તેમની જુબાનીમાં મહત્વની બાબતો વિશે વિરોધાભાસ છે તેમજ આ કામે તપાસેલ પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાની જોતાં તેઓએ ભોગબનનારના ગામના સરપંચના નિવેદન લીધેલ નથી તેમજ કાલાવાડ ગામે જે વાડીમા ભોગબનનાર અને આરોપી રોકાયેલ તે

વાડીના માલીકનુ નિવેદન લીધેલ નથી કે કોઇ પંચનામું કરેલ નથી તેમજ પાંચ દિવસ મોડી ફરીયાદ આપવામા આવેલ હોવાનુ તેઓએ ઉલટતપાસમા સ્વીકારેલ છે. તેથી યોગ્ય તપાસ પણ કરવામા આવેલ નથી.તે સંજોગોમાં આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષ નિ:શંકપણે કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૧૩.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>-:: મુદ્દા ::-</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તા. ૪/૧૨/૨૫ ના રોજ ભોગબનનાર સગીર વયના હતા ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૪/૧૨/૨૦૨૫ ના રોજ રાત્રીના અગીયાર વાગે ફરીયાદી (ભોગબનનાર) ઉ.વ.-૧૫ વર્ષ, ૭ માસને ફોન કરી બોલાવી મારી નાખવાની ધમકી આપી ભોગબનનારના વાલીની સંમતિ વગર મોટરસાયકલ ઉપર બેસાડી ભોગબનનારના ગામની નદી નજીક ચાયડામાં તથા મોરવા(હ), ભમરેચી, કાલાવાડ (રાજકોટ) એક વાડીમાં લઇ જઇ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૪/૧૨/૨૫ ના રોજ જાતિય ઇરાદાઓથી ભોગબનનારને મોબાઇલ ફોન આપી વાતચીત કરી ભોગબનનાર સાથે તેના ગામમાં નદી નજીક ચાયડામાં લઇ જઇ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરી તથા તા. ૫/૧૨/૨૫ થી તા. ૯/૧૨/૨૫ દરમ્યાન કાલાવાડ નજીક વાડીમાં લઇ જઇ શારીરીક સંભોગ કરી, આરોપીએ ભોગબનનાર સાથે અવાર નવાર શારીરીક સંભોગ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ

૬૪(૨)(એમ), ૬૫(૧) તથા ધી પોકસો એકટની કલમ ૪,૬,૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૪) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૪/૧૨/૨૫ ના રોજ ભોગબનનારના ગામે તેણીના ઘરની નજીક રોડ ઉપર બોલાવી ભોગબનનારને તેની સાથે આવવા કહેતા ભોગબનનારે ના પાડતા આરોપીએ તેણીને મારી નાખવાની ધમકી આપી આરોપીએ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૩૫૧(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૫) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૪/૧૨/૨૫ ના રોજ ભોગબનનારના ગામે તેણીના ઘરની નજીક રોડ ઉપર બોલાવી ભોગબનનારને તેની સાથે લઈ જવા ભોગબનનારના ગાલ ઉપર બે ત્રણ ઝાપટો મારી, બાઈક ઉપર બેસવા જણાવી અને ભોગબનનારને ધકકો મારી રોડની બાજુમાં પાડી દઈ આરોપીએ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૧૫(૨), ૩૫૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૬) શું હુકમ ?

**૧૪.** ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) નકારમાં

(૫) નકારમાં

(૬) આખરી હુકમ મુજબ.

## -:: કારણો ::-

**મુદ્દા નં. ૧ ની ચર્ચા :-**

**૧૫.૧** આરોપી સામે પોકસો એકટની જોગવાઇઓ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં બનાવ સમયે ભોગબનનાર સગીર વયના હોવાનું પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૧ ગ્રામ પંચાતના તલાટી કમ મંત્રી શૈલેષકુમાર ચંદુભાઇ બામણીયાને આંક- ૩૮ થી તપાસેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં તેઓ ભોગબનનારના ગામના ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે અને તેમની ગ્રામ પંચાયત વિસ્તારમા તથા જન્મ તથા મરણની તેમના ગ્રામ પંચાયતમા નોંધ કરવામા આવે છે. તેમની ગ્રામ પંચાયતના સને-૨૦૧૦ ના જન્મ નોંધણી રજીસ્ટરના અનુક્રમ નં. ૨૭ ઉપર ભોગબનનારના જન્મની નોંધણીની વિગતો લખવામા આવેલી છે. જેમાં ભોગબનનારની જન્મની નોંધણી તા. ૨૭/૪/૨૦૧૦ ના રોજ કરવામા આવેલ છે અને જન્મ તારીખ ૨૧/૪/૨૦૧૦ ની નોંધવામા આવેલ છે તેમજ સદર રજીસ્ટરમાં ભોગબનનારનુ નામ, માતા પિતાનુ નામ, સરનામું તેમજ માતા પિતાનુ શિક્ષણ, વ્યવસાય વિગેરેની નોંધ કરવામા આવેલ હોવાનુ જણાવેલ છે તેમજ ભોગબનનારની પ્રસુતિ ઘરે થયેલ હોવાની રજીસ્ટરમાં નોંધ હોવાનું જણાવી આંક-૩૯ થી ૪૧ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

સદર સાહેદની બચાવ પક્ષની ઉલટતપાસ જોતાં તેઓએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, ભોગબનનારના જન્મની નોંધણી કયા દસ્તાવેજોના આધારે કરવામા આવેલ તે કચેરીમાં નથી. વધુમાં તેઓએ ઉલટતપાસમાં જણાવેલ છે કે, રજીસ્ટરમાં ૧ + ૨ લખેલ છે. તે બાળકની સંખ્યા લખેલ છે. ૧ + ૨ નો અર્થ જન્મનાર બાળક ઉપરાંત અગાઉ બે બાળકો હતા તેવો થાય તેવું જણાવેલ છે.

**૧૫.૨** વધુમાં સાહેદ નંબર ૯ ભોગબનનારની પ્રાથમિક શાળાના આચાર્ય, શૈલેષભાઇ મફતભાઇ પટેલની આંક-૩૧ ની જુબાની ધ્યાને લેતાં તેઓની શાળાના જનરલ રજીસ્ટર નંબર-૬ ના અનુક્રમ નંબર-૩૮૨૩ ઉપર ભોગબનનારના શાળા પ્રવેશની નોંધ કરેલ હોવાનું જણાવેલ છે. જેમાં ભોગબનનારનુ નામ, માતાનુ નામ, જાતિ તથા પેટા જાતિ, તથા જન્મભુમિ નોંધેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં ભોગબનનારની જન્મ તા. ૨૧/૪/૨૦૧૦ ની લખેલ હોવાનું જણાવેલ છે. વધુમાં ભોગબનનારને તા.૧૩/૬/૨૦૧૫ ના રોજ ધોરણ-૧ માં પ્રવેશ આપવામા આવેલ હોવાનું અને ભોગબનનારે ધોરણ-૮ પાસ કરતાં અન્ય શાળામાં ભણવા જવાનું હોવાથી તા. ૨૮/૪/૨૦૨૩ ના રોજ એલ.સી. કાઢી આપેલ હોવાનું જણાવે છે. તેમજ ભોગબનનારને તેઓની શાળામાં પ્રવેશ આપવામા આવેલ ત્યારે ભોગબનનારના પિતાએ વાલી ફોર્મમા આપેલ માહીતીના આધારે  વિગતો ભરવામાં આવેલી અને ભોગબનનારની જન્મ તારીખ લખવામા આવેલ હોવાનું જણાવી આંક-૩૨ થી ૩૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસ જોતાં તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારની જન્મ તારીખ કયા આધારે નોંધવામા આવી તેવો કોઇ પુરાવો નથી.

**૧૫.૩** વધુમાં આ કામે સાહેદ નં. ૪ ભોગબનનારની આંક-૨૩ ની જુબાની ધ્યાને લેતાં તેઓ કુલ ત્રણ ભાઇ-બહેન છે. જેમાં સૌથી મોટો ભાઇ ત્યારપછી ભોગબનનાર અને ત્યારપછી બીજો ભાઇ હોવાનુ જણાવે છે તેમજ ભોગબનનારને તેણીની જન્મ તારીખ ખબર નથી પરંતુ તેણીનો જન્મ સને-૨૦૧૦ મા થયેલો તેવું જણાવેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસમાં તેણીએ સ્વીકારેલ છે કે, તેણીનો મોટો ભાઇ તેનાથી એક વર્ષ મોટો છે.

**૧૫.૪** વધુમાં સાહેદ નં. ૫ ભોગબનનારના પિતાની જુબાની ધ્યાને લેતાં તેમને ત્રણ બાળકો છે જેમાં સૌથી મોટો દીકરો ત્યારપછી ભોગબનનાર અને ત્યારપછી બીજો નાનો દીકરો છે. ભોગબનનારની જન્મ તારીખ યાદ નથી પરંતુ સને-૨૦૧૦ ની સાલમા જન્મ થયેલો અને બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષની હતી . વધુમાં તેઓએ જણાવેલ છે કે, ભોગબનનારનો જન્મ તેઓના ઘરે થયેલો.

બચાવ પક્ષની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે તેમના લગ્નને બાવીસ ત્રેવીસ વર્ષ થયા. તેઓએ સ્વીકારેલ છે કે, તેમના ત્રણ બાળકોની ઉંમર વચ્ચે એક એક વર્ષનુ અંતર છે. તેઓએ સ્વીકારેલ છે કે, લગ્નના એક વર્ષ બાદ મોટા દીકરાનો જન્મ થયેલો.

**૧૫.૫** વધુમા સાહેદ નં. ૬ ભોગબનનારની માતાની જુબાની જોતાં તેણીએ પણ સંતાનમાં ત્રણ બાળકો હોવાનુ જેમાં સૌથી મોટો છોકરો અને તે પછી ભોગબનનાર અને તે પછી નાનો દીકરો હોવાનુ જણાવેલ છે તેમજ ભોગબનનારની જન્મ તા. ૨૧/૪/૨૦૧૦ ની હોવાનુ અને ભોગબનનારનો જન્મ ઘરે થયેલ હોવાનું જણાવે છે.

**૧૫.૬** વધુમા આ કામે સાહેદ નં. ૧૦ ડો. અનીલ રતનસિંહ મકવાણાની આંક-૩૬ ની જુબાની જોતાં બચાવ પક્ષની ઉલટતપાસમા તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારની ઉંમર બાબતે ઓશીફીકેશન ટેસ્ટ કરાવેલ નહી.

**૧૫.૭** વધુમાં સાહેદ નં. ૧૨ ડો. અશ્વીન ભગતસિંહ રાઠોડની આંક-૪૨ ની જુબાની જોતા તેઓએ પણ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ભોગબનનારની ઉંમર બાબતે ઓસીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી.

**૧૫.૮** વધુમાં આ કામે સાહેદ નં. ૧૩ ડો. કૃતિ રીતેશભાઇ પટેલની આંક-૪૮ ની જુબાની જોતા તેઓએ પણ પોતાની ઉલટતપાસમાં ભોગબનનારની ઉંમર બાબતે તેઓએ ઓસીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી તેમજ ભોગબનનારના શારીરીક લક્ષણો જોતા તેણી પુખ્ત

વયની હોવાનુ સ્વીકારેલ છે.

**૧૫.૯** આમ, ઉપરોકત પુરાવો જોતાં આ કામે ભોગબનનારની શાળાના આચાર્યશ્રી શૈલેષભાઇમફતભાઇ પટેલની આંક– ૩૧ ની જુબાની જોતાં ભોગબનનારને તેઓની શાળામાં પ્રવેશ આપવામા આવેલ ત્યારે ભોગબનનારના વાલીએ પ્રવેશ ફોર્મ ભરેલ જેના આધારે ભોગબનનારની જન્મ તારીખ ૨૧/૪/૧૦ લખવામા આવેલ હોવાનુ જણાવેલ છે. ઉલટતપાસ જોતા ભોગબનનારની જન્મ તારીખ કયા આધારે નોંધવામા આવી તેવો કોઈ પુરાવો ન હોવાનુ સ્વીકારેલ છે. વધુમા ભોગબનનારના જન્મની નોંધણી જે ગ્રામ પંચાયતમા થયેલ તે ગ્રામ પંચાયતના ત.ક.મંત્રી શૈલેષકુમાાર ચંદુભાઇ બામણીયાની આંક–૩૮ ની જુબાની જોતા ભોગબનનારની જન્મની નોંધ તા. ૨૭/૪/૧૦ ના રોજ કરવામા આવેલ હોવાનુ અને ભોગબનનારની જન્મ તા. ૨૧/૪/૧૦ ની નોંધેલ હોવાનુ જણાવેલ છે. જો કે તેઓના જણાવ્યા મુજબ ભોગબનનારનો જન્મ ઘરે થયેલ હોવાની નોંધ હોવાનુ જણાવેલ છે. બચાવ પક્ષની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે ભોગબનનારની જન્મની નોંધણી કયા આધારે કરવામા આવેલ તે કચેરીમા નથી. જો કે બચાવ પક્ષની દલીલો ધ્યાને લેતાં ભોગબનનારનો જન્મ ઘરે થયેલ છે અને જયારે ઘરે જન્મ થયેલ હોય ત્યારે ભોગબનનારની જન્મની નોંધ જન્મ થયા બાદ તુરંત કરવામા આવતી નથી. પરંતુ માતા પિતા તેમની અનુકુળતા પ્રમાણે નોંધણી કરાવતા હોય છે. હાલના કેસમા ભોગબનનાર બીજા નંબરનુ બાળક હોવા છતાં ભોગબનનારના જન્મની નોંધમા ૧ + ૨ લખવામા આવેલ છે અને ત.ક.મંત્રીની જુબાની મુજબ ભોગબનનાર ઉપરાંત બીજા બે બાળકો હતા તેવું ઉલટતપાસમા જણાવેલ હોય ભોગબનનારના જન્મની નોંધ શંકાસ્પદ બને છે અને તેના આધારે ભોગબનનારની જન્મ તારીખ ૨૧/૪/૨૦૧૦ ની હોવાનુ નિ:શંકપણે પુરવાર થતુ નથી તેવું જણાવે છે. ઉપરોકત દલીલ અનુસંધાને રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ભોગબનનારની જન્મની નોંધ જે ગ્રામ

પંચાયતમા થયેલ છે તે ગ્રામ પંચાયતના તલાટી મંત્રીએ તેમની આંક–૩૮ ની જુબાનીમા ભોગબનનારનો જન્મ ઘરે થયેલ હોવાનુ જણાવે છે. વધુમાં તેઓએ ઉલટતપાસમા કયા દસ્તાવેજના આધારે ભોગબનનારના જન્મની નોંધણી કરવામા આવેલી તે દસ્તાવેજ તેમની કચેરીમા નથી તેવુ સ્વીકારેલ છે. વધુમા રજીસ્ટરમા ૧ + ૨ લખેલ છે તે બાળકની સંખ્યા હોવાનુ અને તેનો અર્થ જન્મના બાળક ઉપરાંત અગાઉ બે બાળકો હતા તેવો થાય તેવું તેઓએ સ્વીકારેલ છે. ભોગબનનાર તથા તેમના માતા પિતાની જુબાની જોતા ભોગબનનાર ઉપરાંત બીજા બે સંતાનો હોવાનુ અને ભોગબનનાર બીજા નંબરનુ સંતાન હોવાનુ તેઓએ જણાવેલ છે. એટલે કે ભોગબનનાર થી મોટો ભાઈ છે ત્યારબાદ ભોગબનનાર અને ત્યારબાદ બીજો ભાઈ છે. જયારે ભોગબનનારનો જન્મ થયેલ ત્યારે તેનાથી મોટો એક જ ભાઇ હતો. જેથી જન્મની નોંધણી વખતે રજીસ્ટરમાં ૧ + ૧ એટલે કે ભોગબનનાર ઉપરાંત એક બાળક ભોગબનનારના માતા પિતાને છે તેવું નોધાવવુ જોઈએ. જયારે ૧ + ૨ લખાયેલ છે ત્યારે તેનો અર્થ ભોગબનનાર પછીના નાના ભાઈના જન્મ બાદ ભોગબનનારની જન્મની નોંધ કરાવવામા આવેલ હોય તેવી બચાવ પક્ષની દલીલોમાં તથ્ય જણાય છે અને તે સંજોગોમા ભોગબનનારની બનાવ સમયે જન્મ તારીખ ૨૧/૪/૨૦૧૦ ની હોવાનું વ્યાજબી શંકારહીત પુરવાર થતુ નથી અને શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર થાય.

**૧૬.૧** વધુમાં, નામદાર ગુજરાત હાઇકોર્ટનો **આરીફ રસુલભાઇ મનસુરી પીંજારા (મુસલમાન) વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૨૫(૦) એ.આઇ.જે.ઇ.એલ.–એચ.સી. પેજ નંબર–૨૫૧૨૮૧ નો ચુકાદો ધ્યાને લેતાં** જેમાં નીચે મુજબ જણાવેલ છે.

18. In nutshell it is evident that, except school records, nothing brought on record by the prosecution to prove the age of the victim. In other words, except the testimony of the PW-4 Mathursinh Baria - the teacher of High School and the admission register Exh. 21, there is no material to establish that the date 02.06.1998 is the date of birth

of the victim. It is settled legal position of law that an entry relating to date of birth made in school register is relevant and admissible under Section 35 of the Evidence Act, but the entry regarding the age of the person in a school register is of no much evidentiary value to prove the age of the person in the absence of the material on which, the age was recorded. Section 35 of the Evidence Act provides that the entry made in the official record by the official or person authorized in performance of official duty is admissible in evidence. A profitable reference in this context can be made to a judgment of the Supreme Court in the case of Birad Mal Singhvi Vs. Anand Purohit AIR 1988 SC 1797, wherein, the Election Petition arose on account of alleged improper rejection of nomination papers to the election of the Legislative Assembly as the candidates held to be below 25 years of age. The entries made in the school register were pressed into service to demonstrate the improper rejection of the nomination papers. In the backdrop of the aforesaid fact, the Supreme Court enunciated the legal position in the following words :

"15....... Section 35 of the Indian Evidence Act lays down that entry in any public, official book, register, record stating a fact in issue or relevant fact and made by a public servant in the discharge of his official duty specially enjoined by the law of the country is itself the relevant fact. To render a document admissible under Section 35, three conditions must be satisfied, firstly, entry that is relied on must be one in a public or other official book, register or record, secondly, it must be an entry stating a fact in issue or relevant fact; and thirdly, it must be made by a public servant in discharge of his official duty, or any other person in performance of a duty specially enjoined by law. An entry relating to date of birth made in the school register is relevant and admissible under Section 35 of the Act but the entry regarding to the age of a person in a school register is of not much evidentiary value to prove the age of the person in the absence of the material on which the age was recorded.

17 ......The entries regarding dates of birth contained in the scholar's register and the secondary school examination have no probative value, as no person on whose information the dates of birth of the aforesaid candidates was mentioned in the school record was examined. In the absence of the connecting evidence the documents produced by the respondent, to prove the age of the aforesaid two candidates have no evidentiary value.

19. A useful reference can also be made to a judgment of Supreme Court in the case of Madmohansinh Vs. Rajnikant, (2010) 9 SCC 209, wherein, the Supreme Court has held that the authenticity of the entries would depend upon whose information such entries stood recorded. In para-20 of the judgment, it has been held as under:

"20. So far as the entries made in the official record by an official or

person authorized in performance of official duties are concerned, they may be admissible under Section 35 of the Evidence Act but the court has a right to examine their probative value. The authenticity of the entries would depend on whose information such entries stood recorded and what was his source of information. The entry in School Register/School Leaving Certificate require to be proved in accordance with law and the standard of proof required in such cases remained the same as in any other civil or criminal cases.

20. We have also perused the evidence of ossification test determining the age of the victim, which opined that, the age of the victim may be between 15 to 18 years. However, the evidentiary value of the said report required to be kept in mind. The Supreme Court in numerous judgments on the aspect of determination of age, held and observed that the date of birth is to be determined on the basis of material on record and on appreciation of evidence adduced by the parties. The medical evidence as to the age of person, though a very useful guiding factor, is not conclusive and has to be considered along with other cogent evidence.

21. In light of the settled proposition of law and applying the same to the facts of the present case, we are of the considered opinion that, the prosecution failed to prove the authenticity of the entry of date of birth recorded by the school authority and the admission register Exh. 21 failed to satisfy the requirement of Section 35 of the Evidence Act. The reason of our conclusion are that, (i) the school where the victim had studied, is not the government school, (ii) no reliable material available on record to show that the date of birth recorded in the school register on the basis of statement of any responsible person including the parents, (iii) that the school records from the first school attended by the victim which are primary and significant piece of evidence for proving the victim's age, has not been produced and / or brought on record by the prosecution, (iv) there is no material or evidence on which the date of birth recorded by the high school authority i.e. PW-4. In such circumstances, the date of birth recorded in the school admission register cannot be said to be admissible and conclusive in nature to prove the age of the victim and therefore, the prosecution miserably failed to prove that the victim at relevant time was below age of 16.

22 The next contention raised is that when the age if the victim is not proved and having regard to her conduct, the trial Court could not have convicted the accused for the offence of kidnapping and rape, as defined under Sections 363, 366 and 376. We have carefully examined the evidence on record. The victim was in the company of accused for one day and travelled with him at different places and lastly they stayed in the hotel at Ahmedabad. However, fact remains that, the victim has stated on oath that, she had been kidnapped forcefully and sexually abused against her will and wish. In such cir-

cumstances, the ingredients of the offence of kidnapping and seduced to illicit intercourse (as defined under Sections 361 and 366 of the IPC) are not satisfied and to that extent, the prosecution failed to prove the said charges beyond reasonable doubt against the accused. So far charge of rape as defined under Section 375 is concerned, the victim's evidence is clear, cogent and creditworthy and inspires confidence that, she had been sexually abused against her will and wish. We do not find any circumstances on the record of the case that, the victim at the instance of her father, falsely involved the accused herein. The appellant was tenant of the PW-2 and having a marital status, he took the victim at Ahmedabad, where against her will and wish, she abused sexually by the accused. Thus the theory of consent having regard to the evidence of victim and attending circumstances, is not acceptable and believable. In that view of the matter, we have no hesitation to held that the prosecution succeeds in proving the charge of rape against the appellant beyond reasonable doubt.

૧૬.૨ વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટના **2023(0) AIJEL-HC 247806 (Hon'ble Gujarat High Court) Dashrathbhai Parubhai Bhabhor V. State of Gujarat** નો ચુકાદો ધ્યાને લેતાં, જેમાં નીચે મુજબ જણાવેલ છે.

34. Considering the evidence of the prosecutrix, it clearly reveals that the victim was having physical relationship with the accused before two years of the incident and at the time of registration of the FIR, the victim carried food four months pregnancy and thereafter, after due date she delivered a baby boy and at present the baby boy with the victim and parents of the victim, Though the defence has tried to raise suspicion with regard to animosity and the fact with regard to inter relationship between the accused and victim, but there was no material produced by the prosecution with lead to come to the conclusion at there is any reason with regard to animosity or any other reason and, therefore, the Trial Court has not considered those aspects while appreciating the evidence at the time of deciding the case against the accused. Apparently, no exercise was carried out by the prosecution to establish that the victim was minor on the date of occurrence by following the procedure prescribed under the law and in light of reasoning put-forth.**There are various decisions of the Honorable Apex Court and this Court with regard to prove the age of the victim and well established law. That evidence of approximate age of the victim would not be sufficient to come to the conclusion about the exact age of the victim.**

35. From the record, it appears that the prosecution has tried to established the age of the victim by producing birth certificate through the deposition of the father wherein he has deposed that his brother-

in-law has registered the birth of the victim, but the prosecution has not examined such person from the authority and, therefore, without examining the side person, the prosecution cannot establish the age of the victim beyond reasonable doubt. The prosecution side has neither collected the school living certificate from the school nor from the Secondary Board Examination and has not produced record from the school to establish the birth certificate of the victim to establish the age of the victim before the Trial Court. On the contrary P.W. 2 in his first version before the police has stated that the birth date of the victim is 28.08.1999 and in his deposition before the Trial Court, he has stated the date of the victim is 30.06.1999. So, the P.W. 2 is not sure with regard to the date of birth of the victim and by merely producing the birth certificate, the date of the victim cannot be said to be proved by the prosecution by leading any cogent and material evidence. On perusal of the statement recorded under section 164 of the victim, it is crystal clear that the testimony adduced before the Trial Court is inconsistent with the statement recorded under section 164 which fact is not supported the story of the prosecution in any manner. So far as quality of the evidence is concerned, when such cogent and convincing evidence is available with the Investigating Authority, however the same was not collected and even produced before the Trial Court. Therefore, the benefit of the doubt is required to be given to the accused.

**૧૬.૩** આમ, ઉપરોકત પુરાવો તથા નામદાર ઉપલી અદાલતોના ચુકાદાઓ તેમજ હાલના કેસની તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતા, ફરીયાદ પક્ષે રજુ કરેલો ભોગ બનનારના જન્મનો પુરાવો વ્યાજબી શંકા રહિત ન હોવાનું જણાઈ આવે છે. જેથી બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોઈ, જેથી **મુદ્દા નંબર–૧** નો ઉત્તર **નકાર**માં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર – ૨ થી ૫ ની ચર્ચા :–</u>**

**૧૭.** ઉપરોક્ત મુદ્દા નંબર–૨ થી ૫ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હોઈ, પુનરાવર્તન ટાળવાના હેતુસહ આ મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવે છે.

**૧૮.૧** આરોપી સામે પોકસો એકટ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં પોકસો એકટની કલમ –૨૯ અને ૩૦ મુજબનું અનુમાન લાગુ પાડવાનું રહે છે તે સંજોગોમાં કેટલાક

ચુકાદા ધ્યાને લેવા ઉચિત જણાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે **Ajitkumar Kumarsinh Bhagora Vs. State Of Gujarat 2020 (1) GLR 27** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 44. Although a presumption under Section 29 of the POCSO Act arises and it is presumed that the accused has committed the offence for which he is charged under the said Act, unless the contrary is proved, such a presumption cannot be absolute. Therefore, there can be no doubt about the proposition that no presumption is absolute and that every presumption is rebuttable.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ કલમ –૨૯ નું અનુમાન ખંડનાત્મક અનુમાન છે.

૧૮.૨ નામદાર કર્ણાટક હાઈકોર્ટે તેમના **G. S. Venkatesh S/o Narayanaswamy VS State of Karnataka [2020] 0 Supreme(Kar) 68** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 38. The use of expression "unless the contrary is proved" appearing in section 29 makes it clear that the presumption raised under this section is rebuttable. <u>A rebuttable presumption can be raised only when the foundational facts constituting the offence are established by the prosecution.</u> In a criminal trial, the burden of proving everything essential to the establishment of the charge against the accused always rests on the prosecution, as every man is presumed to be innocent until the contrary is proved. In a case where an offence is committed against a child, having regard to the very nature of the offence where it is difficult for the prosecution to prove the facts and circumstances in which the offence had taken place, the Act has cast the burden on the accused to prove the facts within his knowledge as it is easier for the innocent accused to produce evidence contrary to the case proved by the prosecution. This is called reverse burden whereby the burden is shifted to the accused to disprove the facts established by the prosecution. <u>The question of discharging the reverse burden by the accused would arise only when the initial burden cast on the prosecution is discharged to the satisfaction of the court. Therefore it follows that without the proof of basic facts constituting the offence charged against the accused, the accused cannot be called upon to disprove the case of the prosecution.</u>

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ છે કે, ખંડનાત્મક અનુમાન ત્યારે જ અસ્તિત્વમાં આવે કે જયારે ફરીયાદ પક્ષ પાયાની હકીકતો પુરવાર કરે. વધુમાં, જયાં સુધી જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે તેની પાયાની હકીકતો ફરીયાદ પક્ષ ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી ફરીયાદ પક્ષની તે હકીકતો નાસાબિત કરવા આરોપીને કહી શકાય નહીં.

**૧૮.૩** આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો, પોકસો એકટની કલમ –૨૯ અને ૩૦ નું અનુમાન લાગુ કરતાં પહેલા ફરીયાદ પક્ષે આરોપી સામે જે ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની પાયાની હકીકતો પુરવાર કરવાની રહે છે.

**૧૯.** આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ કરેલ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ તરફે **સાહેદ નં. ૪ ભોગબનનારને આંક–૨૩ થી** તપાસવામા આવેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં આ કામના ભોગબનનારના કાકા સાથે આરોપીની બહેનને પરણાવેલ હોય આરોપી બે વર્ષ થી ભોગબનનારના કાકાના ઘરે રહેતો હતો જેથી ભોગબનનારની આરોપી સાથે ઓળખાણ થયેલ અને બંને એકબીજા સાથે વાતચીત કરતા હતા. ત્યારબાદ ભોગબનનારને આરોપી સાથે પ્રેમસંબંધ બંધાયેલો. તેથી આરોપીએ ભોગબનનારને મોબાઈલ ફોન લઈ આપેલો અને બંને ફોન ઉપર વાતચીત કરતા હતા. વધુમાં ભોગબનનારના જણાવ્યા મુજબ બનાવના ત્રણેક મહીના પહેલા તેણીએ ફોન કરી આરોપીને તેણીના ગામે નદી પાસે બોલાવેલ અને તેણી આરોપી સાથે ભાગીને જતી રહેલી. ભાગી જવાનુ તેઓ બંનેએ નકકી કરેલું. આરોપી મોટરસાયકલ લઈને આવેલ હોય તેણીને મોરવા(હ) લઈ ગયેલા. ત્યાંથી બસમા બેસી કાલાવાડ ગયેલા અને ત્યાં એક વાડીમા રહેતા હતા. ત્યાં એક જ દિવસ રોકાયેલા અને ત્યારબાદ આગરવાડા ગામના સરપંચ ચારેક વાગે તેઓને લેવા

આવેલા. તેઓ કાલાવાડ મુકામે વાડીમા રહેલા તે વખતે આરોપીએ ભોગબનનાર સાથે એક વખત શરીર સંબંધ બાંધેલો તેમજ આ અગાઉ પણ તેઓ જે દિવસે ભાગી ગયેલા તે દિવસે ભોગબનનારના ગામે નદી પાસે આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલા. આગરવાડાના સરપંચ તેઓને વાડી ઉપર લેવા આવેલા ત્યારે તેઓ અને ભોગબનનાર તથા આરોપી તેમની સાથે આગરવાડા ગામે આવેલા અને આગરવાડા ગામના સરપંચે ભોગબનનારના ગામના સરપંચને બોલાવેલા અને સરપંચે ભોગબનનારને તેણીને પાછી મોકલવાની છે તેવું કહેલુ. ત્યારબાદ તેણીને તથા તેણીના કાકા, કાકી, પિતાએ તેણીને મારીને, ધમકાવીને શહેરા પોલીસ સ્ટેશને લઇ જઇ ખોટી ફરીયાદ કરાવેલી તેવુ જણાવી આંક-૨૪ થી ફરીયાદ રજુ કરેલ છે. વધુમાં ભોગબનનારની જુબાની ધ્યાને લેતાં ભોગબનનારને પોલીસ ફરીયાદ આપ્યા બાદ શહેરા તથા ગોધરા દવાખાને તપાસ માટે લઇ ગયેલી અને ત્યાં ડોકટરે તેણીની પુછપરછ કરેલી અને તપાસ કરેલી હોવાનું જણાવે છે. વધુમાં આરોપીએ ભોગબનનારને જે જગ્યાએ લઇ જઇ શરીર સંબંધ બાંધેલ તે જગ્યા તેણીએ બતાવેલ હોવાનુ તથા તેણીએ ગોધરા પોલીસ સ્ટેશનમા જવાબ લખાવવા ગયેલ હોવાનુ જણાવેલ છે તેમજ તેણીએ પોલીસ સમક્ષ કપડા રજુ કરેલ હોવાનુ જણાવે છે. વધુમાં શહેરા તથા ગોધરા કોર્ટમાં જવાબ લખાવવા લઇ ગયેલ હોવાનું જણાવી આંક-૨૫ થી બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનું નિવેદન રજુ કરેલ છે તેમજ મુદામાલ કપડાં અને આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસ ધ્યાને લેતાં તેણીએ સ્વીકારેલ છે કે, સરપંચ તેણીને ઘરે લઇ આવ્યા પછી તેણીના ઘરના તથા ગામના સભ્યો ભેગા થયેલા અને આ લોકોએ પોલીસ સ્ટેશને જવાનું કહેલું. વધુમા તેણીએ સ્વીકારેલ છે કે, આ લોકોએ તેણીને ધમકી આપીને કહેલ કે અમે કહીએ તે પ્રમાણે લખાવવાનુ છે. વધુમા તેણીએ સ્વીકારેલ છે કે, આ લોકોએ પોલીસ સાથે વાતચીત કરેલી અને

પોલીસે આ લોકોની વાતચીત પ્રમાણે ફરીયાદ લખી લીધેલી અને તેણીએ માત્ર સહી કરી આપેલી. વધુમા તેણીએ સ્વીકારેલ છે કે, મેજીસ્ટ્રેટ રૂબરૂનુ નિવેદન તેણીએ તેના માતા પિતાના કહેવાથી લખાવેલ હતુ. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમાં એવી હકીકત લખાવેલી નથી કે, '' આજથી આશરે બે ત્રણ મહીના પહેલા મેં ફોન કરી નવીનને .... ગામે નદી પાસે બોલાવેલો અને હું તેની સાથે ભાગીને જતી રહેલી. ભાગી જવાનું અમે બંને જણાએ નકકી કરેલું. '' વધુમાં સ્વીકારેલ છે કે, તેણીએ મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે, '' આજથી આશરે બે ત્રણ મહીના પહેલા મેં ફોન કરી નવીનને ....ગામે નદી પાસે બોલાવેલો અને હું તેની સાથે ભાગીને જતી રહેલી. ભાગી જવાનું અમે બંને જણાએ નકકી કરેલું. '' તેણીએ સ્વીકારેલ છે કે, મે ડોકટર સમક્ષ પણ એવી હકીકત લખાવેલ નથી કે, '' આજથી આશરે બે ત્રણ મહીના પહેલા મેં ફોન કરી નવીનને ....ગામે નદી પાસે બોલાવેલો અને હું તેની સાથે ભાગીને જતી રહેલી. ભાગી જવાનું અમે બંને જણાએ નકકી કરેલું. '' વધુમાં તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના માતા પિતાએ મારઝુડ કરી તેણીની પાસે ખોટી ફરીયાદ કરાવેલ છે.

૨૦. વધુમાં ફરીયાદ પક્ષે તપાસેલ **સાહેદ નં.૧૦ ડો. અનીલ રતનસિંહ મકવાણાની આંક–૩૬ ની** જુબાની ધ્યાને લેતાં તેઓ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ સીવીલ હોસ્પીટલ ગોધરા ખાતે મેડીકલ ઓફીસર તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા. તે વખતે વુ.પો.કો મીનાબેન દલાભાઈ, બ.નં.૧૫૧૮, શહેરા પો.સ્ટે નાઓ આ કામના ભોગબનનારને પોકસો એકટ અંગેના કેસમાં ગાયનેક તપાસ માટે સી.એચ.સી શહેરાની રીફર નોટ તથા પોલીસ યાદી સાથે લઇને આવેલ હતા. તેઓએ ભોગબનનારની ગાયનેક તપાસ માટે ગાયનેક વોર્ડમાં તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ દાખલ કરેલ હતા. વધુમાં ભોગબનનારના શરીર ઉપરના ઓળખના ચિન્હોની નોંધ કરેલી હોવાનુ જણાવેલ છે. વધુમાં ભોગબનનારે તેઓ રૂબરૂની હિસ્ટ્રીમાં એવી

હકીકત જણાવેલ છે કે, '' તે મને મારા ઘરેથી છેતરીને નદી કિનારે લઈ જઈ બળજબરી મોરવા, રાજકોટ, ગોધરા તેમજ કાલાવાડ લઈ જઈ એક કરતા વધુ વખત શરીર સબંધ બાંધેલ.'' વધુમાં તેઓના જણાવ્યા મુજબ ભોગબનનારને ગાયનેક તપાસ માટે ગાયનેક વિભાગમાં દાખલ કરેલ હતા. ત્યારબાદ ડો. કૃતિ પટેલ ધ્વારા ભોગબનનારની ગાયનેક તપાસ કરવામાં આવેલ અને ગાયનકે રીપોર્ટ તથા લેબ રીપોર્ટ તેમની તરફ મોકલી આપેલ હતા. જેના આધારે તેઓએ એમ.એલ.સી તૈયાર કરેલ હતુ તેમ જણાવી આંક-૩૭ થી એમ.એલ.સી. સર્ટીફીકેટ રજુ કરેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારની ઉંમર બાબતે ઓશીફીકેશન ટેસ્ટ કરાવેલ નહી તેમજ સ્વીકારેલ છે કે, ભોગબનનારને ગાયનેક તપાસ માટે ગાયનેક વોર્ડમાં દાખલ કરેલા અને તેના પેપરોના આધારે તેઓએ માત્ર સર્ટી ઇશ્યુ કરેલ છે.

૨૧. વધુમા ફરીયાદ પક્ષ તરફે **સાહેદ નં. ૧૨ ડો. અશ્વીન ભગતસિંહ રાઠોડની આંક-૪૨** ની જુબાની ધ્યાને લેતાં તેઓ તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ સી.એચ.સી શહેરા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતા. તે વખતે રાત્રીના ૧૦:૪૧ વાગે વુ.પો.કો લીલાબેન બારીઆ, બ.નં.૧૩૭૬, શહેરા પો.સ્ટે નાઓ આ કામના ભોગબનનારને બળાત્કારના કેસમાં મેડીકલ તપાસણી તથા સેમ્પલ લેવડાવવા માટે પોલીસ યાદી સાથે લઇને આવેલ હતા. સદર ભોગબનનારની મેડીકલ તપાસણી કરતા પહેલા ભોગબનનાર તથા તેણીની માતાની સંમતિ લીધેલી હતી. વધુમાં ભોગબનનારના શરીરે ઓળખના ચિન્હોની નોંધ કરેલ હોવાનુ જણાવે છે તેમજ ભોગબનનારે આપેલ હિસ્ટ્રીની તેઓએ નોંધ કરેલ જેમા તેણીએ પોતાના શબ્દોમાં જણાવેલ કે, '' આશરે પાંચ દિવસ પહેલા આ કામે આરોપી નામે નવીન જોડે ભાગી મોરવા ગયા હતા ત્યાંથી ભમરેચી મંદિર ગયા હતા.

ત્યાંથી નવીનના કાકાની છોકરીના ઘરે ગયા હતા. ત્યાં મોરવાથી ગોધરા અને ગોધરાથી રાજકોટ અને રાજકોટથી કાલાવાડ ગયા હતા. કાલાવાડથી વાડીમાં ગયા હતા ત્યાં એક દિવસ રોકાયા હતા. ત્યાં મારી ઇચ્છા વિરૂદ્ધ બળજબરીપૂર્વક એક વાર સંભોગ કરેલો હતો. મોરવાના સરપંચ લેવા આવ્યા હતા. ત્યાંથી સરપંચના ઘરે ગયા હતા. ત્યાંથી .... મુકી ગયા હતા. પછી ૦૮/૧૨/૨૦૨૫ ના રોજ શહેરા પોલીસ સ્ટેશન લાવ્યા હતા. '' વધુમાં ભોગબનનારના શરીરે કોઇ ઇજાના નિશાન ન હતા.ભોગબનનારનો યુ.પી.ટી નેગેટીવ હતો. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ ભોગબનનારના શરીર ઉપરથી નમુના લઇ શીલ કરી એફ.એસ.એલ તપાસ માટે યાદી સાથે પોલીસને સુપ્રત કરેલ હોવાનુ જણાવેલ છે તેમજ ભોગબનનારની તપાસ કરી એમ.એલ.સી. સર્ટીફીકેટ તેઓએ આપેલ હોવાનુ જણાવેલ છે અને ભોગબનનારને ગાયનેક તપાસ તથા વધુ સારવાર માટે રીફર નોટ સાથે સીવીલ હોસ્પીટલ ગોધરા ખાતે રીફર કરવામાં આવેલ હતા તેમ જણાવી આંક-૪૩ થી આંક-૪૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારના શરીર ઉપર કોઇ ઇજાના નિશાન ન હતા. વધુમા સ્વીકારેલ છે કે, ભોગબનનારની ઉંમર બાબતે કોઇ ઓશીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, ભોગબનનારે તેમના રૂબરૂની હિસ્ટ્રીમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' આ અગાઉ પણ અમે જે દિવસે ભાગી ગયેલા તે દિવસે .... ગામે નદી પાસે નવીને મારી સાથે શરીર સબંધ બાંધેલો.''

**૨૨.** ફરીયાદ પક્ષ તરફે **સાહેદ નં. ૧૩ ડો. કૃતિ રીતેશભાઇ પટેલની આંક-૪૮ ની** જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, તેણી તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ સીવીલ હોસ્પીટલ ગોધરા ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ ઉપર હાજર હતા. તે વખતે બપોરના ૦૧/૦૦ કલાકે વુમન પોલીસ મીનાબેન દલાભાઇ, બ.નં. ૧૫૧૮,

શહેરા પોલીસ સ્ટેશન નાઓએ સી.એચ.સી શહેરાની રીફ્ર નોટના આધારે ભોગબનનારને બળાત્કારના કેસમાં ગાયનેક તપાસ માટે લઈને આવતા મેડીકલ ઓફીસરે તેણીને ગાયનેક વોર્ડમાં દાખલ કરેલા હતા. ભોગબનનારની મેડીકલ તપાસણી કરતા પહેલા ભોગબનનાર તથા તેણીની માતાની સંમતિ લીધી હતી. જે બદલ ભોગબનનારની સહી તથા તેણીની માતાની સહી લીધેલ હતી. વધુમાં ભોગબનનારના ઓળખના ચિન્હોની નોંધ કરેલ હોવાનુ જણાવેલ છે તેમજ ભોગબનનારે આપેલ હીસ્ટ્રીમાં તેણીએ જણાવેલ છે કે, '' હું અને આરોપી નવીન પગી છેલ્લા બે વર્ષથી એકબીજાને ઓળખતા હતા. આશરે સાત દિવસ પહેલા તે મને જબરજસ્તીથી ભગાડીને .....થી મોરવા લઈ ગયો ત્યાંથી ભમરેચી મંદિર ગયા ત્યાંથી પાછા મોરવા અને ત્યાંથી ગોધરા આવ્યા, ગોધરાથી રાત્રે બસમાં રાજકોટ ગયા ત્યાંથી બીજા દિવસે કાલાવડ કપાસની વાડીએ ગયા ત્યાં તેણે નિરોધનો ઉપયોગ કર્યા વગર એક વાર શારિરીક સબંધ મારી મરજીથી બાંધેલ છે. અગરવાડાના સરપંચે ધરપકડ કરી..... વાળા સરપંચને સોંપી અને ત્યારપછી અમે જાતે શહેરા પોલીસ સ્ટેશને તા.૦૮/૧૨/૨૦૨૫ ના રોજ હાજર થયા અને સીવીલ હોસ્પીટલ ગોધરા ખાતે તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ તપાસ માટે લાવવામાં આવેલ છે.'' વધુમાં સદર સાહેદે જણાવ્યા મુજબ તેમણે ભોગબનનારને તપાસતા ભોગબનનારને ગુપ્ત ભાગે તપાસ કરતા કોઈ ઈજાના નિશાન ન હતા. ભોગબનાનરનું યોનીપટલ તુટેલું હતુ. વધુમાં તેઓએ ભોગબનનારની લેબોરેટરી તપાસ કરાવેલ હતી. જેમા વજાનચલ સ્વેબના રીપોર્ટમાં કોઈ જીવીત કે મૃત શુક્રાણુઓની હાજરી જોવા મળેલ ન હતી. વધુમાં તેણીએ ભોગબનનારના શરીર ઉપર થી નમુના લઈ મેડીકલ ઓફીસર તરફ મોકલી આપેલ હોવાનુ જણાવેલ છે તેમજ તેણીના અભિપ્રાય મુજબ ભોગબનનાર સાથે શારિરીક સંભોગ થયેલ હોવાનું જણાતુ હતુ પંરતુ બળજબરી પૂર્વક શારિરીક સંભોગ થયેલ હોય તેમ જણાતું ન હતુ તેમ જણાવી સદર સાહેદે આંક–૪૯ અને આંક–૫૦ ના દસ્તાવેજી

પુરાવા રજુ કરેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ભોગબનનારની ઉંમર બાબતે ઓશીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, ભોગબનનારના શારિરીક લક્ષણો જોતા તેણીની પુખ્ત વયની જાણાતી હતી. વધુમાં સ્વીકારેલ છે કે, ભોગબનનારના શરીરે કોઇ ઈજાના નિશાન ન હતા. વધુમા સ્વીકારેલ છે કે, યોનીપટલ તુટવાના ઘણા કારણો હોય શકે.

૨૩. ફરીયાદ પક્ષે **સાહેદ નં. ૧૪ ડો.જયેશ લાલુભાઇ ગોહીલની આંક–૫૧ ની** જુબાની ધ્યાને લેતાં તેઓ તા.૧૧/૧૨/૨૦૨૫ ના રોજ સી.એચ.સી શહેરા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતા ત્યારે સાંજના ૦૫/૦૦ કલાકે પો.કો. પ્રિતેશકુમાર ગણપતસિંહ, બ.નં.૧૩૮૬, શહેરા પોલીસ સ્ટેશન નાઓ આરોપી નવીનભાઇ શનાભાઇ પગી, રહે. અગરવાડા,તા.મોરવા(હ) નાઓને બળાત્કારના કેસમાં મેડીકલ તપાસ તથા સેમ્પલ લેવા માટે યાદી સાથે લઇને આવેલા હતા. આરોપીની મેડીકલ તપાસણી કરતા પહેલા તેની સંમતિ લીધેલી તેમજ આરોપીના ઓળખના ચિન્હોની નોંધ કરેલી તેમજ આરોપીએ આપેલ હીસ્ટ્રીની તેમના શબ્દોમાં નોંધ કરેલ હોવાનુ જણાવે છે તથા આરોપીની શારીરીક તપાસણીની વિગતો જણાવી આરોપીના શરીરે કોઇ ઈજાના નિશાન ન હતા તેવું જણાવેલ છે તેમજ તેઓના અભિપ્રાય મુજબ આરોપી શરીર સંબંધ બાંધવા માટે સક્ષમ હતા તેમ જણાવી આંક–પર થી આંક–૫૪ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસ ધ્યાને લેતાં બચાવ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ રેકર્ડ ઉપર આવેલ નથી.

૨૪. વધુમાં આ કામે **સાહેદ નં. ૫ ભોગબનનારના પિતાની આંક–૨૬ ની** જુબાની ધ્યાને લેતાં બનાવ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ બનેલો.

બનાવના દિવસે તેઓ બધા ઘરના જમી પરવારીને સુઇ ગયેલા હતા.બીજા દિવસે સવારે તેઓ વહેલા ઉઠીને તેમના ધંધાના કામે જતા રહેલા અને દસ વાગે ઘરે આવેલ ત્યારે તેમની પત્નીએ તેમને જણાવેલ કે, હું સવારે ઉઠેલી તે વખતે ભોગબનનાર ખાટલામાં ન હતી. ત્યારબાદ તેઓએ ભોગબનનારની આજુબાજુમાં તપાસ કરેલી પરંતુ ભોગબનનાર મળી આવેલ નહી. આ બનાવ અગાઉ પણ ભોગબનનારને નવીનકુમાર શનાભાઇ પગી, રહે. આગરવાડાનો ભગાડી લઇ ગયેલ હતો અને તેઓને તેની ઉપર શક હોય અને તે તેમના કાકાના છોકરાનો સાળો હોય તેઓએ તેમને ફોનથી જાણ કરેલી કે, ભોગબનનાર ઘરે નથી. ત્યારબાદ તેઓના કાકાના દીકરા ભાઇ અને તેમના સાળા નવીનભાઇએ ફોન ઉપર વાત કરેલી અને ત્યારબાદ તેઓને ફોન કરી જણાવેલ કે, નવીન ભોગબનનારને લઇને ભાગી ગયેલ છે. ત્યારબાદ તેઓએ તેમના કાકાના દીકરા ભાઇને ફોન કરેલો અને તેમના કાકાના દીકરા ભાઇએ આરોપી નવીનભાઇ સાથે પણ ફોન પર વાત કરેલી તે વખતે આરોપી નવીને ભોગબનારને મોરવા પેટ્રોલ પંપ પર મુકી જાઉ છું તેમ જણાવેલ જેથી તેઓ ઇકકો ગાડી લઇને મોરવા ગયેલો પરંતુ પેટ્રોલ પંપ આગળ ભોગબનનાર કે આરોપી નવીન જોવા મળેલ નહી. જેથી તેઓ ઘરે આવતા રહેલા અને તે જ દિવસે તેમના ભાઇએ આગરવાડાના સરપંચને જાણ કરેલી હતી. ત્યારબાદ બીજા દિવસે સાંજે ચાર વાગે તેમના ભાઇએ તેમને ફોન કરીને જણાવેલ કે, ભોગબનનાર અને આરોપી નવીનને રાજકોટથી આગરવાડાના સરપંચે પકડેલા છે. ત્યારબાદ રાત્રીના અગીયાર વાગે આગરવાડા સરપંચનો તેમના ઉપર ફોન આવેલો કે ભોગબનનાર મળી ગયેલ છે અને તેઓના ગામના સરપંચનું નામ પુછી ફોન મુકી દીધેલ. બીજા દિવસ સવારે તેઓ તેમના ગામના સરપંચ મહેન્દ્રભાઇ ડાભીના ઘરે ગયેલા અને વાત કરેલી. ત્યારબાદ બપોરના સમયે તેઓ તથા સરપંચ તથા ગામના બીજા આગેવાનો આગરવાડા ગામે ભોગબનાનરને લેવા માટે ગયેલા. ત્યારબાદ ત્યાંથી ભોગબનનારને

લઈને તેઓના ઘરે સાંજના પરત આવેલા. તેઅએ ભોગબનનારને કંઈ પુછેલ નહી. ભોગબનનારે પણ તેઓને કંઈ જણાવેલ નહી. બીજે દિવસે ભોગબનનારને લઈને શહેરા પોલીસ સ્ટેશન લઈને ગયેલા અને ભોગબનનારે ફરીયાદ આપેલી. પોલીસે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલો. ભોગબનનાર ઘરેથી ગઈ તેના ચોથા દિવસે ભોગબનનાર પરત મળેલી હોવાનુ જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી નવીન તેમના કાકાના છોકરાનો સાળો થતો હોય તે રીતે તેને ઓળખે છે. વધુમા સ્વીકારેલ છે કે, બનાવ વખતે તેઓ બધા રાત્રે સુઈ ગયેલા અને સવારે ઉઠીને જોયેલ ત્યારે ભોગબનનાર જોવા મળેલી નહી તેમજ ભોગબનનાર કયારે અને કેવી રીતે ગઈ તે તેઓએ નજરે જોયેલ નથી. વધુમા તેઓએ સ્વીકારેલ છે કે, આ બનાવ પહેલા નવીન ભોગબનનારને ભગાડી ગયેલ તે બાબતની કોઈ ફરીયાદ આપેલી નહી. તેઓ સ્વીકારેલ છે કે, જે દિવસે ભોગબનાનર ભાગી ગયેલી તે દિવસે સવારે તેઓ રાબેતા મુજબ કામ ઉપર જતા રહેલા તેમજ ભોગબનનારને શોધવા જાતે ગયેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' આ બનાવ અગાઉ પણ ભોગબનનારને નવીનકુમાર શનાભાઈ પગી, રહે. આગરવાડાનો ભગાડી લઈ ગયેલ હતો '' તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' .....ભાઈ અને તેમના સાળા નવીનભાઈએ ફોન ઉપર વાત કરેલી '' તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''ત્યારબાદ મેં ......ભાઈને ફોન કરેલો અને ....ભાઈએ નવીન સાથે પણ ફોન કરેલો અને તે રીતે અમે ત્રણે ફોન ઉપર જોડાયેલા હતા. તે વખતે નવીને ભોગબનારને મોરવા પેટ્રોલ પંપ પર મુકી જાઉ છું તેમ જણાવેલ જેથી હું ઈકકો ગાડી લઈને મોરવા ગયેલો પરંતુ પેટ્રોલ પંપ આગળ ભોગબનનાર કે નવીન જોવા મળેલ

નહી. જેથી હું ઘરે આવતો રહેલો.'' તેઓએ એ વાતનો ઇન્કાર કરેલ છે કે તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' બીજા દિવસે સાંજે ચાર વાગે મારા ભાઇ ...નાએ મને ફોન કરીને જણાવેલ કે, ભોગબનનાર અને નવીનને રાજકોટથી આગરવાડાા સરપંચે પકડેલા છે. '' તેઓએ એ વાતનો ઇન્કાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' રાત્રીના અગીયારવાગે આગરવાડા સરપંચનો મારી ઉપર ફોન આવેલો '' વધુમા તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશને સરપંચને સાથે લઇને ગયેલ હતા અને બનાવની બધી હકકીત સરપંચે પોલીસને જણાવેલ અને તે પ્રમાણે પોલીસે લખી લીધેલી.

૨૫. ફરીયાદ પક્ષે **સાહેદ નં. ૬ ભોગબનનારની માતાની આંક–૨૭ ની** જુબાની ધ્યાને લેતાં બનાવ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ બનેલો. બનાવની રાત્રે તેઓ બધા સુઇ ગયેલા હતા અને સવારે ઉઠીને જોયેલ તો ભોગબનનાર ખાટલામાં હતી નહી. ત્યારબાદ તેઓ અને તેમના સાસુ ગામમા તથા ડુંગરાઓમાં ભોગબનનારની તપાસ કરેલી પરંતુ તે મળેલી નહી. તેઓના પતિ દુકાને જતા રહેલા હતા અને દસ વાગે તેમના પતિએ આવેલા અને તેમને ભોગબનનાર વિશે પુછતા ભોગબનનાર ન હોવાનું જણાવેલ. ત્યારબાદ ભોગબનનારની શોધખોળ કરેલી પરંતુ મળેલી નહી. ભોગબનનારને અગાઉ આરોપી નવીન કે જે તેઓના કુટુંબી કાકાના છોકરા જશવંતભાઇ સાલમભાઇનો સાળો છે તે ભગાડી લઇ ગયેલ હતો જેથી તેઓએ જશવંતભાઇ સાલમભાઇને ફોન કરીને વાત કરેલી. ત્યારબાદ જશવંતભાઇ સાલમભાઇએ તેઓને જણાવેલ કે, તેમનો સાળો ભોગબનનારને લઇને ભાગી ગયેલ છે. ત્યારબાદ જશવંતભાઇએ તેઓને આગરવાડા તથા મોરવા બાજુ તપાસ કરવા માટે કહેલું તેથી તેણી તથા તેણીના પતિ ઇકકો ગાડી લઇને તપાસ કરવા ગયેલા અને મોરવા પેટ્રોલ પંપ પાસે તપાસ કરેલી પરંતુ ભોગબનનાર મળી આવેલ નહી. જેથી તેઓ રાત્રે ઘરે પરત આવી ગયેલા. ત્યારબાદ બીજા દિવસે સવારે છ વાગે

આગરવાડાના સરપંચનો તેમના ગામના સરપંચ ઉપર ફોન આવેલો અને જણાવેલ કે, ભોગબનનાર મળી ગયેલ છે. સરપંચ ભોગબનનારને અને નવીનને કાલાવાડ બાજુથી લઈને આવેલ હતા. જેથી તેઓને સરપંચે વાત કરતા તેઓ ગાડી કરીને ભોગબનનારને લેવા માટે આગરવાડા ગામે લેવા માટે ગયેલા. ત્યાંથી ભોગબનનારને લઈને રાત્રે ઘરે પરત આવેલા. ત્યારબાદ આરોપી નવીનના બનેવી જશવંતભાઈ તથા ચંદુભાઈને શું કરવાનું છે તે બાબતે પુછતા તેમને થાય તે કરી લેવાનું કહેલું. જેથી ભોગબનનાર પાસે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરાવેલી. ભોગબનાનરને બનાવ બાબતે પુછતા તેણીએ જણાવેલ કે, આરોપી નવીન તેણીને બળજબરીથી ધમકી આપીને માર મારીને લઈ ગયેલ હોવાનું જણાવેલ. ફરીયાદ આપ્યા બાદ પોલીસ ભોગબનનારને શહેરા દવાખાને તથા ગોધરા સીવીલ દવાખાને તથા ગુનાવાળી જગ્યા જોવા માટે તથા શહેરા કોર્ટમાં જવાબ લખાવવા માટે લઈ ગયેલ હોવાનું જણાવેલ છે તથા પોલીસે બનાવ બાબતે પુછપરછ કરી જવાબ લીધેલ હોવાનુ જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, નવીન તેમના દિયરનો સાળો થતો હોય જેથી તેણી તેને ઓળખે છે. વધુમા સ્વીકારેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' ત્યારબાદ હું અને મારા સાસુ ગામમા તથા ડુંગરાઓમાં ભોગબનનારની તપાસ કરેલી. વધુમા સ્વીકારેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' મારા પતિ દુકાને જતા રહેલા હતા અને દસ વાગે મારા પતિએ આવેલા અને તેમને ભોગબનનાર વિશે પુછતા ભોગબનનાર ન હોવાનું જણાવેલ. '' વધુમા ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' ભોગબનનારને અગાઉ નવીન કે જે અમારા કુટુંબી કાકાના છોકરા જશવંતભાઈ સાલમભાઈનો સાળો છે તે ભગાડી લઈ ગયેલ હતો જેથી અમોએ જશવંતભાઈ સાલમભાઈને ફોન કરીને વાત કરેલી. '' વધુમા

ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' ત્યારબાદ જશવંતભાઇએ અમોને આગરવાડા તથા મોરવા બાજુ તપાસ કરવા માટે અમોને કહેલું. '' વધુમા ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' ત્યારબાદ બીજા દિવસે સવારે છ વાગે આગરવાડાના સરપંચનો અમારા ગામના સરપંચ ઉપર ફોન આવેલો. '' વધુમા ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' ત્યારબાદ નવીનના બનેવી જશવંત સાલમ, ચંદુ સાલમને શું કરવાનું છે તે બાબતે પુછતા તેમને થાય તે કરી લેવાનું કહેલું.'' વધુમાં તેણીએ સ્વીકારેલ છે કે, તેમની છોકરીને પરત લાવ્યા ત્યારે તેમના ગામના સરપંચ અને ગામના માણસો ભેગા થયેલા. તેણીએ સ્વીકારેલ છે કે, અગાઉ નવીન ભોગબનનારને લઈ ગયેલ તે વખતે પોલીસને જાણ કરેલી નહી.

૨૬. ફરીયાદ પક્ષે **સાહેદ નં. ૮, મહેન્દ્રસિંહ ગુલાબસિંહ ડાભીની આંક–૩૦ ની** જુબાની ધ્યાને લેતાં, ભોગબનનારના પિતા તેમના ગામના હોવાથી તેઓ તેમને ઓળખે છે. ભોગબનનારને આગરવાડા ગામનો નવીન નામનો છોકરો અગાઉ ભગાડી ગયેલ હતો અને તેનું અંદરોઅંદર સમાધાન થઈ ગયેલ હતુ. ત્યારબાદ આજથી આશરે પાંચ એક મહીના પહેલા ભોગબનનારના પિતા તથા માતાએ તેઓને વાત કરેલી કે, તેમની છોકરી ઘરેથી જતી રહેલી છે અને આગરવાડા ગામનો નવીન તેણીને લઇ ગયેલ હોવાનું તેમને શક છે. જેથી તેઓએ આગરવાડા ગામના સરપંચ રતનસિંહને ફોન કરેલ અને જણાવેલ કે, અમારા ગામની છોકરીને તમારા ગામનો નવીન નામનો છોકરો ભગાડી લઈ ગયેલ હોવાની વાત છે તેથી તમે તપાસ કરો. ત્યારબાદ બે દિવસ પછી આગરવાડાના સરપંચ રતનસિંહનો તેમના મોબાઈલ ફોન ઉપર ફોન આવેલો અને જણાવેલ કે, ભોગબનનારને અમે રાજકોટ બાજુથી લઈ આવેલા છીએ તો તમે તમારા ગામના માણસોને લઈને આવો અને છોકરીને લઈ જાવો તેમ કહેતા. જેથી તેઓએ છોકરીના માતા

પિતાને જાણ કરેલી. ત્યારબાદ તેઓ, ભોગબનનારના માતા પિતા તથા કુટુંબી જનોને લઇ ને આગરવાડા ગામે સરપંચના ઘરે ગયેલા અને ત્યાંથી મંદિરે જઇને બેસેલા. ત્યાં તેમના પંચના માણસો આવેલા અને પંચ ભેગુ થયેલું. તે વખતે તેમના પંચના માણસોને આ બનાવ બાબતે શું કરવાનું છે તેમ પુછતા તેઓએ છોકરાના વાલી વારસદાર હાજર નથી તેમ કહેલું. જેથી સાહેદે ભોગબનનારને સોંપી દેવા માટે જણાવેલ. ત્યારબાદ તેઓ  ભોગબનનારને લઇને તેમના ઘરે આવેલા ત્યારબાદ ત્યાં પંચ ભેગુ કરેલુ અને શું કરવું તે બાબતે ચર્ચા કરેલી. ત્યારબાદ છોકરાના બંને બનેવીને બોલાવેલા અને તેઓ આવતા તેઓએ ભોગબનનારના પિતા સાથે ઝઘડો કરેલો. જેથી ભોગબનનારને પોલીસ સ્ટેશન લઇ ગયેલા અને ફરીયાદ આપેલી. ભોગબનનારને લઇ આવ્યા ત્યારે તેની પુછપરછ કરેલી જેથી ભોગબનનારે જણાવેલ કે, નવીન રાત્રે આવેલો અને તેની બહેનોએ ભગાડી લઇ જવાની વ્યવસ્થા કરી આપેલી અને રાત્રે મને લઇ ને રાજકોટ જતો રહેલો. વધુમા સદર સાહેદે પોલીસે તેમની પુછપરછ કરેલી હોવાનુ જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસ ધ્યાને લેતા તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે ,'' (ભોગબનનારના પિતા) તેમની દિકરીને આગરવાડા ગામનો નવીન નામનો છોકરો અગાઉ ભગાડી ગયેલ હતો અને તેનું અંદરોઅંદર સમાધાન થઇ ગયેલ હતુ. '' તેઓએ ઇન્કાર કરેલ છે કે તેઓએ તેમના  પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે , '' આજથી આશરે પાંચ એક મહીના પહેલા ભોગબનનારના પિતા તથા માતાએ અમોને વાત કરેલી કે, તેમની છોકરી ઘરેથી જતી રહેલી છે અને આગરવાડા ગામનો નવીન તેણીને લઇ ગયેલ હોવાનું તેમને શક છે. ''તેઓએ ઇન્કાર કરેલ છે કે તેઓએ તેમના  પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' મેં આગરવાડા ગામના સરપંચ  રતનસિંહને મેં ફોન કરેલ અને જણાવેલ કે, અમારા

ગામની છોકરીને તમારા ગામનો નવીન નામનો છોકરો ભગાડી લઇ ગયેલ હોવાની વાત છે તેથી તમે તપાસ કરો. '' તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે , આગરવાડા ગામે સરપંચના ઘરે ગયેલા અને ત્યાંથી મંદિરે જઇને બેસેલા. '' તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે , '' ત્યાં તેમના પંચના માણસો આવેલા અને પંચ ભેગુ થયેલું. તે વખતે તેમના પંચના માણસોને આ બનાવ બાબતે શું કરવાનું છે તેમ પુછતા તેઓએ છોકરાના વાલી વારસદાર હાજર નથી તેમ કહેલું. '' તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે , ''ત્યારબાદ અમો ભોગબનનારને લઇને અમારા ઘરે આવેલા ત્યારબાદ ત્યાં પંચ ભેગુ કરેલુ અને શું કરવું તે બાબતે ચર્ચા કરેલી. ત્યારબાદ છોકરાના બંને બનેવીને બોલાવેલા અને તેઓ આવતા તેઓએ ભોગબનનારના પિતા સાથે ઝઘડો કરેલો. '' તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલી નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારને લઇને તેઓ સીધા પોલીસ સ્ટેશન ગયેલા નહી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ તથા ભોગબનનારના માતા પિતા તથા પંચના માણસોએ ભોગબનનારને કહેલ કે, પોલીસ સ્ટેશન જવુ પડશે. તેઓએ સ્વીકારેલ છે કે, ત્યારબાદ તેઓ બધા ભોગબનનારને લઇને પોલીસ સ્ટેશન ગયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસ સ્ટેશન ગયા બાદ તેઓએ પોલીસ સાથે બધી વાત કરેલી અને ત્યારબાદ પોલીસે ફરીયાદ લખેલી.

**૨૭.** વધુમા આ કામે **સાહેદ નં. ૭ રતનસિંહ બાધરસિંહ બારીઆની આંક–૨૯ ની** જુબાની ધ્યાને લેતાં તેઓ સને –૨૦૦૬–૦૭ માં તેઓ આગરવાડા ગ્રામ પંચાયતમા સરપંચ તરીકે સેવા આપતા હતા. તેમના ગામની છોકરી ભાગી ગયેલી તે બાબતે પોલીસ તેમને ત્યાં આવેલી અને નામ સરનામુ પુછેલુ અને બીજુ કાંઇ પુછેલુ નહી તેમ જણાવી ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદ પક્ષે તેઓને

ફરી ગયેલા જાહેર કરી તેઓને ઉલટતપાસમા પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવામા આવેલ હોવા છતા ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી ઉપરોકત સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

૨૮. ફરીયાદ પક્ષ તરફે **સાહેદ નં. ૧ પંચ, રત્નાભાઈ ગલાભાઈ વણકરની આંક–૯ ની તથા સાહેદ નં. ૨ પંચ, ગુલાબભાઈ કાનાભાઈ પટેલીયાની આંક–૧૨ ની** જુબાની ધ્યાને લેતાં તેઓએ અનુક્રમે આંક–૧૦ ગુનાવાળી જગ્યાના પંચનામાની તથા આંક–૧૧ ના મોટરસાયકલ કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થન આપેલુ ન હોય ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓને ઉલટતપાસમા પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવામા આવેલ હોવા છતા ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી ઉપરોકત પંચસાહેદોનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

૨૯. ફરીયાદ પક્ષે **સાહેદ નં. ૩ પંચ, પ્રવિણકુમાર કમજીભાઈ ડામોરની આંક–૧૪ ની** જુબાની ધ્યાને લેતાં તા.૧૧/૧૨/૨૦૨૫ ના રોજ તેઓ ઔદ્યોગીક તાલીમ સંસ્થા શહેરા ના આચાર્યના ચાર્જમાં હોય પંચોની ફાળવણીનો હુકમ કરેલો. ત્યારબાદ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ શહેરા પોલીસ સ્ટેશને પંચમાં હાજર રહેવા માટે સમજ મળેલી હોય તેઓ તથા પીયુશભાઈ તડવી પોલીસ સ્ટેશન ગયેલા. ત્યાં પોલીસે તેઓને આરોપીના કપડા કબજે લેવાનું પંચનામું કરવાની સમજ આપેલી. પોલીસ સ્ટેશન હાજર ઈસમનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેને પોતાનું નામ નવીનભાઈ પગી, રહે. અગરવાડા હોવાનું જણવેલ અને તેને કાળા કલરનો આખી બાયનું શર્ટ તથા આછા વાદળી કલરનું કાળા ખીસ્સા વાળુ અને કાળી આડી પટ્ટી વાળુ પેન્ટ રજુ કરેલ જે અલગ અલગ કાપડની બેગમાં મુકી પંચોની સહી વાળી કાપલીઓ મુકી દોરાથી સીવી શીલ કરી તપાસ અર્થે કબજે લીધેલ. આ બાબતનું પંચનામું પોલીસે પંચો રૂબરૂ લખી લીધેલ અને પંચોની સહી લીધેલ.

તેઓને મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો ઓળખી શકે. આ પંચનામાની કાર્યવાહી દરમ્યાન પોલીસે વિડીયોગ્રાફી કરેલ હતી તેમ જણાવી આંક–૧૫ થી રજુ થયેલ પંચોની ફાળવણી માટેનો હુકમ ઉપરની પોતાની સહી તથા આંક–૧૬ વાળા પંચનામા તથા આંક–૧૭ અને ૧૮ ની પંચ સ્લીપ ઉપરની પોતાની તથા બીજા પંચ પીયુષભાઇ તડવીની સહી ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ પણ ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ ત્યારબાદ પોલીસે તેઓને ભોગબનનારના કપડા કબજે લેવાનું પંચનામું કરવાની સમજ આપેલી. પોલીસ સ્ટેશન હાજર છોકરીનું  પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણીએ પોતાનું નામ ભોગબનનાર હોવાનું જણાવેલ અને તેણીએ પહેરેલા કપડા અલગ રૂમમાં જઇ બદલી લાવી  પંચોની હાજરીમાં રજુ કરેલા તે જોતા એક ગુલાબી કલરનું ટોપ તેમા સફેદ કલરની ડીઝાઇન, એક ગુલાબી કલરની લેંગીઝ  રજુ કરેલ જે અલગ અલગ કાપડની બેગમાં મુકી પંચોની સહી વાળી કાપલીઓ મુકી દોરાથી સીવી શીલ કરી તપાસ અર્થે કબજે લીધેલ.  આ બાબતનું પંચનામું પોલીસે  પંચો રૂબરૂ લખી લીધેલ અને  તેઓની સહી લીધેલ. મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો ઓળખી શકે અને આ પંચનામાની કાર્યવાહીની પોલીસે વિડીયોગ્રાફી કરેલી હોવાનુ જણાવી આંક–૧૯ વાળા પંચનામા તથા આંક–૨૦ અને ૨૧ ની પંચ સ્લીપ ઉપરની પોતાની તથા બીજા પંચ પીયુષભાઇ તડવીની સહી ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ પણ ઓળખી બતાવેલ છે.

વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ ત્યારબાદ ભોગબનનાર ગુનાવાળી જગ્યા બતાવવતા હોય તે જગ્યાનું પંચનામું કરવાની પોલીસે  પંચોને સમજ કરેલી. ત્યાં હાજર છોકરીનું  પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણીએ પોતાનુ નામ ભોગબનનાર હોવાનું જણાવેલ. ત્યારબાદ ભોગબનનાર, પંચો તથા પોલીસ સ્ટાફના માણસો સરકારી વાહનમાં બેસી ગોધરાથી નીકળેલા. આ બાબતનું પ્રાથમિક પંચનામું કરેલ અને તેમા  પંચોની સહીઓ લીધેલી. ત્યારબાદ શહેરા પોલીસ

સ્ટેશનથી નીકળી ભોગબનનારના બતાવ્યા પ્રમાણે નાંદરાવા, સાજીવાવ, લીમડી ત્રણ રસ્તા જઇ ત્યાંથી જમણી બાજુ બોરીયાવી ગામે ડાભી ફળીયા બાજુ ગયેલા ત્યાં રોડ ઉપર ગાડી ઉભી રખાવેલી અને ત્યાંથી ચાલતા એક ટેકરા ઉપર ભોગબનનાર લઇ ગયેલી. ત્યાં ભોગબનાનરે ગુનાવાળી જગ્યા બતાવેલી તે જગ્યા જોતા નીલગીરીના ઝાડવા હતા ત્યાં ખુલ્લી જમીન અને લીલુ ઘાસ હતુ, આ જગ્યાની પૂર્વબાજુ રોડ આવેલ હતો અને રોડ પછી પાનમ ડેમનું પાણી હતુ, પશ્ચીમે ઝાડીઓ હતી, ઉત્તર તથા દક્ષિણે ખેતર હતા. આ જગ્યાનું પોલીસે પંચનામું કરેલ અને તેઓની સહીઓ લીધેલી. આ પંચનામાની કાર્યવાહી દરમ્યાન પોલીસે વિડીયોગ્રાફી કરેલી હોવાનુ જણાવી આંક-૨૨ ના પંચનામા ઉપરની પોતાની તથા બીજા પંચ પીયુષભાઇ તડવીની સહી ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ પણ ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશન અગીયાર વાગે પહોંચેલા. જગ્યા જોવા માટે એક વાગ્યાની આજુબાજુ નીકળેલા. તેઓ સ્વીકારેલ છે કે, પોલીસ સ્ટેશન ગયેલ ત્યારે પોલીસ સીવાય બીજા માણસો હાજર ન હતા. વધુમાં સ્વીકારેલ છે કે, તેઓએ આરોપી કે ભોગબનનારની ઓળખ અંગેનો કોઇ પુરાવો જોયેલ નહી. વધુમા તેઓએ સ્વીકારેલ છે કે, ત્રણેય પંચનામામાં સહીઓ પોલીસ સ્ટેશનમાં કરેલી.

૩૦. ફરીયાદ પક્ષે **સાહેદ નં. ૧૫, પી.આઇ. અંકુરભાઇ બાબુભાઇ ચૌધરીની આંક-૫૭ ની** જુબાની ધ્યાને લેતાં તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ શહેરા પોલીસ સ્ટેશન ખાતે પી.આઇ તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા. તે વખતે ફરીયાદી/ભોગબનનારે તેમના રૂબરૂ આવી ફરીયાદ હકીકત લખાવતા તેમના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલી અને ત્યારબાદ પી.એસ.ઓ તરફ ગુનો રજીસ્ટર થવા સારુ ફરીયાદ પી.એસ.ઓને મોકલી આપેલ હતી. ત્યારબાદ પી.એસ.ઓ

શહેરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૦૦/૨૦૨૫ થી બી.એન.એસ કલમ ૧૩૭(૨), ૧૧૫(૨),૩૫૧(૨),૬૪(૨)(એમ),૬૫(૧),૩૫૨ તથા ધી પોક્સો એકટની કલમ ૪,૬,૧૨ મુજબનો ગુનો રજીસ્ટર કરી સુચીપત્ર, ડેપ્યુટ હુકમ તૈયાર કરી આગળની તપાસ તેમની તરફ મોકલી આપતા તેઓએ આ ગુનાની તપાસ સંભાળી લીધેલી. ત્યારબાદ ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવવા સારુ મેડીકલ ઓફીસર સી.એચ.સી શહેરાને યાદી કરી ભોગબનનારને મેડીકલ તપાસ સારુ મોકલી આપેલા, ત્યારબાદ ભોગબનનારના માતા-પિતા, સરપંચ તથા અન્ય સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા તેમજ ભોગબનનારની ગાયનેક તપાસણી કરાવવા સારુ ગોધરા સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરતા મેડીકલ ઓફીસર સીવીલ હોસ્પીટલ ગોધરા યાદી કરી ભોગબનનારને ગાયતેક તપાસ સારુ મોકલી આપેલા હતા, તેમજ આરોપીને સરપંચ તથા ગામના માણસોએ રજુ કરતા આરોપીનું નિવેદન તેના લખાવ્યા મુજબ લખી લીધેલ અને આરોપીની અટક કરેલી. ત્યારબાદ આરોપીની મેડીકલ તપાસણી કરાવવા સારુ મેડીકલ ઓફીસર સી.એચ.સી શહેરાને યાદી કરી આરોપીને મેડીકલ તપાસ સારુ મોકલી આપેલા હતા. ત્યારબાદ સરકારી પંચો ફાળવવા માટે યાદી કરેલી, ત્યારબાદ ભોગબનનારનું બી.એન.એસ.એસ ની કલમ ૧૮૩ અન્વયેનું નિવેદન લેવડાવવા તજવીજ કરેલી તેમજ આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા પંચોની હાજરીમાં કબજે કરેલા અને આ પંચનામાની કાર્યવાહીની વિડીયોગ્રાફી કરવામાં આવેલ તે બાબતે બી.એસ.એ એકટની કલમ ૬૩(૪)(સી) અન્વયેનું પ્રમાણપત્ર તપાસના કામે સામેલ રાખેલ. આ વિડીયોગ્રાફીનો હેઝવેલ્યુનો રીપોર્ટ કાઢી તપાસમાં સામેલ રાખેલ. ત્યારબાદ આરોપીને સમય મર્યાદામાં ના.કોર્ટમાં રજુ કરેલ હતો તેમ જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે. વધુમા તેઓએ ભોગબનારના બનાવ વખતે પહેરેલ કપડા પંચોની હાજરીમાં કબજે કરેલ હોવાનુ જણાવેલ છે અને આ બાબતના પંચનામાની કાર્યવાહીની વિડીયોગ્રાફી

કરવામાં આવેલ તે બાબતે બી.એસ.એ એકટની કલમ ૬૩(૪)(સી) અન્વયેનું પ્રમાણપત્ર તૈયાર કરી તપાસના કામે સામેલ રાખેલ અને આ વિડીયોગ્રાફીનો હેઝવેલ્યુનો રીપોર્ટ કાઢી તપાસમાં સામેલ રાખેલ હતો. ત્યારબાદ ભોગબનનાર ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોય બે પંચોની હાજરીમા ભોગબનનારને સાથે રાખી ભોગબનનારના બતાવ્યા મુજબની જગ્યાએ ગયેલા અને તે જગ્યાનું પંચનામુ પંચોની હાજરીમાં કરેલું. આ પંચનામાની કાર્યવાહીની વિડીયોગ્રાફી કરવામાં આવેલ તે બાબતે બી.એસ.એ એકટની કલમ ૬૩(૪)(સી) અન્વયેનું પ્રમાણપત્ર તૈયાર કરી તપાસના કામે સામેલ રાખેલ. આ વિડીયોગ્રાફીનો હેઝવેલ્યુનો રીપોર્ટ કાઢી તપાસમાં સામેલ રાખેલ હતો.ત્યારબાદ સાહેદ દિપેશભાઇનો જવાબ તેઓનાન લખાવ્યા મુજબનો લખી લીધેલ હતો. ત્યારબાદ ભોગબનનારને આરોપી આવીને જે જગ્યાએથી લઇ ગયેલ ગુનાવાળી જગ્યા ભોગબનનાર બતાવવા માંગતા હોય જેથી બે પંચોની હાજરીમાં ભોગબનનારના બતાવ્યા મુજબનુ જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં લખી લીધેલ હતુ તથા ભોગબનનારની માતા–પિતાનું વિશેષ નિવેદન તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ હતુ. આરોપી તથા ભોગબનનારના શરીર ઉપરથી લીધેલા નમુના તથા કબજે લીધેલ મુદ્દામાલનું એફ.એસ.એલ પરીક્ષણ કરાવવા સારુ મોકલવા માટે રવાનગી નોંધ તૈયાર કરી મોકલી આપેલ. ત્યારબાદ આરોપીએ ગુનામાં વાપરેલ મોટર સાયકલ તેના પિતા શનાભાઇ વાઘજીભાઇ પગી નાઓ રજુ કરતા હોય પંચોની હાજરીમાં કબજે કરેલ અને આ બાબતનું પંચનામું પંચો રૂબરૂ લખી લીધેલ. ત્યારબાદ ભોગબનનારનુ બી.એન.એસ.એસ કલમ ૧૮૩ મુજબનું નિવેદન લેવડાવવા માટે તજવીજ કરેલ હોવાનુ જણાવે છે. ત્યારબાદ ભોગબનનારના જન્મનો પુરાવો મેળવવા માટે તજવીજ કરેલ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ એફ.એસ.એલ વડોદરાએ મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ મોકલી આપતા તપાસના કામે સામેલ રાખેલખ તેમજ એફ.એસ.એલ અંગેનો રીપોર્ટ આવતા તપાસના કામે સામેલ રાખેલ

હતો. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના વિનેદન તેઓના લખાવ્યા મુજબ લીધેલા. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ના.કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ હોવાનુ જણાવી આંક-૫૮ થી આંક-૭૪ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓ સ્વીકારેલ છે કે, ભોગબનનારના ગામના સરપંચનું નિવેદન લીધેલ નથી તેમજ કાલાવાડ ગામે વાડીના માલીકનું નિવેદન લીધેલ નથી તેમજ કાલવાડા ગામે કોઇ પંચાનામું કરેલ નથી. વધુમા સ્વીકારેલ છે કે, ફરીયાદ પાંચ દિવસ મોડી આપવામાં આવેલી હતી. તેઓ સ્વીકારેલ છે કે, તેઓ કાલાવાડ ગામે તપાસમાં ગયેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારના પિતાએ તેમના રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' જશવંતભાઇ અને તેમના સાળા નવીનભાઇએ ફોન ઉપર વાત કરેલી.'' તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનાર પિતાએ તેમના રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''ત્યારબાદ તેઓએ તેમના ભાઇને ફોન કરેલો અને ભાઇએ નવીન સાથે પણ ફોન કરેલો અને તે રીતે અમે ત્રણે ફોન ઉપર જોડાયેલા હતા. તે વખતે નવીને ભોગબનારને મોરવા પેટ્રોલ પંપ પર મુકી જાઉ છું તેમ જણાવેલ જેથી હું ઇકકો ગાડી લઇને મોરવા ગયેલો પરંતુ પેટ્રોલ પંપ આગળ ભોગબનનાર કે નવીન જોવા મળેલ નહી. જેથી હું ઘરે આવતો રહેલો.'' તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારના પિતાએ તેમના રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' બીજા દિવસે સાંજે ચાર વાગે મારા ભાઇ ભાઇએ મને ફોન કરીને જણાવેલ કે, ભોગબનનાર અને નવીનને રાજકોટથી આગરવાડા સરપંચે પકડેલા છે.'' વધુમા તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારના પિતાએ આગરવાડાના સરપંચનો તેમના ઉપર રાત્રીના અગીયાર વાગે ફોન આવેલો તેવુ તેમના રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી.

વધુમા તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારની માતાએ તેમના રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' ભોગબનનારને

અગાઉ નવીન કે જે અમારા કુટુંબી કાકાના છોકરા નો સાળો છે તે ભગાડી લઇ ગયેલ હતો જેથી તેઓએ તેમના કાકાના છોકરાને ફોન કરીને વાત કરેલી. '' તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારની માતાએ તેમના રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે,'' ત્યારબાદ તેમના કાકાના દીકરાએ તેઓને આગરવાડા તથા મોરવા બાજુ તપાસ કરવા માટે કહેલું. '' તેઓએ સ્વીકારેલ છે કે, ભોગબનનારની માતાએ તેમના રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' ત્યારબાદ બીજા દિવસે સવારે છ વાગે આગરવાડાના સરપંચનો અમારા ગામના સરપંચ ઉપર ફોન આવેલો. '' અને ત્યારબાદ નવીનના બનેવી જશવંત સાલમ, ચંદુ સાલમને શું કરવાનું છે તે બાબતે પુછતા તેમને થાય તે કરી લેવાનું કહેલું. વધુમાં તેઓ સ્વીકારેલ છે કે, સાહેદ મહેન્દ્રસિંહે તેમના રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે , '' આજથી આશરે પાંચ એક મહીના પહેલા ભોગબનનારના પિતા તથા માતાએ અમોને વાત કરેલી કે, તેમની છોકરી ઘરેથી જતી રહેલી છે અને આગરવાડા ગામનો નવીન તેણીને લઇ ગયેલ હોવાનું તેમને શક છે. '' તેમજ સ્વીકારેલ છે કે, સાહેદ મહેન્દ્રસિંહે નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' મેં આગરવાડા ગામના સરપંચ રતનસિંહને મેં ફોન કરેલ અને જણાવેલ કે, અમારા ગામની છોકરીને તમારા ગામનો નવીન નામનો છોકરો ભગાડી લઇ ગયેલ હોવાની વાત છે તેથી તમે તપાસ કરો. ''

**૩૧.** આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં આ કામે સાહેદ નં. ૪ ભોગબનનારે તેમની જુબાનીમાં આરોપી સાથે પ્રેમસંબંધ હોવાનો અને બંને ફોન ઉપર વાતો કરતા હોવાનું જણાવે છે તેમજ બનાવના દિવસે બંને જણાએ ભાગી જવાનું નકકી કરેલું અને તે મુજબ આરોપી મોટરસાયકલ લઇને આવેલ અને ભોગબનનારને તેણીના ગામે નદી પાસેથી મોટરસાયકલ ઉપર બેસાડી મોરવા(હ) અને ત્યાંથી કાલાવાડ ગયેલા. ત્યાં વાડીમા રોકાયેલ તે દરમ્યાન આરોપીએ ભોગબનનાર સાથે એક વખત શરીર સંબંધ બાંધેલ અને આ અગાઉ પણ આરોપીએ

ભોગબનનારના ગામે નદી પાસે ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ હોવાનુ જણાવે છે. વધુમાં ભોગબનનારનુ આંક–૨૫ થી રજુ થયેલ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ નુ નિવેદન ધ્યાને લેતાં તેમા ભોગબનનાર અને આરોપી વચ્ચે વાતચીત થતી હોવાનું અને ભોગબનનારને આરોપી જબરજસ્તી થી ભગાડી ગયેલ હોવાનું અને તેણીને ઝાપટ મારી અને ધમકી આપી અને બાઇક ઉપર બેસાડી મોરવા(હ)અને ત્યાંથી બસમાં કાલાવાડ ગયેલ હોવાનું અને ત્યાં વાડીમા રોકાયેલ અને ત્યાં શારીરીક સંબંધ તેણીની મરજી થી બાંધેલા તેવું જણાવે છે. આમ ભોગબનનારે પોતાની જુબાનીમાં અને બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ ના નિવેદનમા વિરોધાભાસી હકીકતો જણાવે છે. વધુમાં ભોગબનનારની જુબાની ધ્યાને લેતાં ભોગબનનારને આગરવાડા ગામના સરપંચ કાલાવાડ વાડીમાંથી લઇ આવેલ ત્યારપછી તેણીના કાકા કાકી અને પિતાએ તેણીને મારીને ધમકાવીને શહેરા પોલીસ સ્ટેશને લઇ જઇ ખોટી ફરીયાદ કરાવેલી તેવી હકીકત જણાવેલ છે. વધુમાં બચાવ પક્ષની ઉલટતપાસ જોતાં તેણીને સરપંચ ઘરે લઇ આવ્યા પછી તેણીના ગામના સભ્યો ભેગા થઇ પોલીસ સ્ટેશને લઇ ગયેલા અને આ લોકોએ તેણીને ધમકી આપીને તેવું કહે તે પ્રમાણે લખાવવાનુ તેવુ કહેલુ તથા તે લોકોએ તે મુજબ પોલીસ સાથે વાતચીત કરેલી અને પોલીસે આ લોકોની વાતચીત પ્રમાણે ફરીયાદ લખી લીધેલી અને ભોગબનનારે માત્ર સહી કરેલી તેવી હકીકત તેણીએ સ્વીકારેલ છે અને તેણીના માતા પિતાના કહેવાથી મેજીસ્ટ્રેટ રૂબરૂ નિવેદન લખાવેલ હતુ તેવું પણ તેણીએ સ્વીકારેલ છે. વધુમાં તેણીએ આજથી આશરે બે ત્રણ મહીના પહેલા ફોન કરીને નવીનને તેણીના ગામે નદી પાસે બોલાવેલો અને તેણી તેની સાથે ભાગીને જતી રહેલી અને ભાગી જવાનુ તેઓ બંનેએ નકકી કરેલ હતુ તેવી હકીકત ફરીયાદમા તથા મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમા તેમજ ડોકટર શ્રી રૂબરૂ લખાવેલ ન હોવાનુ સ્વીકારેલ છે. ભોગબનનારે આ અગાઉ પણ તેઓ જે દિવસે ભાગી ગયેલા તે દિવસે ભોગબનનારના

ગામે નદી પાસે આરોપીએ તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ તેવી હકીકત મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમા કે ડોકટર શ્રી રૂબરૂની હીસ્ટ્રીમા લખાવેલ ન હોવાનો ઈન્કાર કરેલ છે. જયારે આંક–૨૫ થી રજુ થયેલ મેજીસ્ટ્રેટ રૂબરૂનુ નિવેદન ધ્યાને લેતા ઉપરોકત હકીકત લખાવેલ ન હોવાનુ જણાય આવે છે. તેમજ મેડીકલ ઓફીસર સમક્ષની હીસ્ટ્રી ધ્યાને લેતા તેમા પણ આવી હકીકત લખાવેલ ન હોવાનુ જણાય આવે છે. વધુમાં ભોગબનનારની બચાવ પક્ષની ઉલટતપાસ જોતાં તેણીના માતા પિતાએ મારઝુડ કરી તેની પાસે ખોટી ફરીયાદ કરાવેલ હોવાનું સ્પષ્ટપણે સ્વીકારેલ છે. તે જ રીતે આ કામે  સાહેદ નં. ૧૩ ડો. કૃતિ રીતેશભાઈ પટેલની આંક–૪૮ ની જુબાની જોતાં તેમાં આરોપીને છેલ્લા બે વર્ષ થી ઓળખતી હોવાનુ અને સાતેક દિવસ પહેલાં આરોપી તેણીને જબરજસ્તી થી ભગાડીને તેમના ગામ થી મોરવા લઈ ગયેલ અને ત્યાંથી ગોધરા અને ત્યાંથી રાજકોટ અને કાલાવાડ કપાસની વાડીએ લઈ ગયેલ હોવાનુ અને ત્યાં એકવાર શારીરીક સંબંધ ભોગબનનારની મરજી થી બાંધેલ હોવાનું જણાવે છે.  વધુમાં સદર સાહેદની જુબાની જોતાં ભોગબનનારને ગુપ્તભાગે તપાસ કરતા કોઈ ઈજાના નિશાન ન હતા તેમજ ભોગબનનારનુ યોનીપટલ તુટેલ હતુ તેવું જણાવે છે અને તેઓએ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ થયેલ હોવાનું જણાતુ હતુ પરંતુ બળજબરીપુર્વક શારીરીક સંભોગ થયેલ હોય તેમ જણાતુ ન હતુ તેવો અભિપ્રાય આપેલ છે. વધુમાં  સાહેદ નં. ૧૦ ડો. અનીલ રતનસિંહ મકવાણાની આંક–૩૬ ની  જુબાની જોતાં ભોગબનનારે તેઓ સમક્ષની હીસ્ટ્રીમા આરોપી તેણીને ઘરે થી છેતરીને નદી કીનારે લઈ જઈ બળજબરી થી મોરવા,ગોધરા, રાજકોટ,કાલાવાડ લઈ જઈ એક વખત વધુ વખત શરીર સંબંધ બાંધેલ હોવાનુ જણાવે છે.  વધુમાં સાહેદ નં. ૧૨ ડો. અશ્વીન ભગતસિંહ રાઠોડની આંક–૪૨ ની જુબાની જોતાં તેઓ સમક્ષની હીસ્ટ્રીમાં ભોગબનનારે આશરે પાંચેક દિવસ પહેલા આરોપી જોડે ભાગીને મોરવા ગયા હતા ત્યાંથી ભમરેચી મંદીરે ગયા ત્યાંથી આરોપીના કાકાની છોકરીના ઘરે ગયા હતા તેમજ

મોરવા થી ગોધરા અને ગોધરા થી રાજકોટ અને રાજકોટ થી કાલાવાડ ગયા હતા અને કાલાવાડ થી વાડીમા ગયા હતા. ત્યાં એક દિવસ રોકાયા ત્યાં ભોગબનનારની ઈચ્છા વિરૂધ્ધ બળજબરી પુર્વક આરોપીએ એકવાર શરીર સંબંધ બાંધેલ હોવાનું જણાવે છે. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ ભોગબનનારના શરીરે કોઈ ઈજાના નિશાન ન હતા.

આમ ઉપરોકત પુરાવો જોતા ભોગબનનારે તેમની ફરીયાદમાં, બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ ના નિવેદનમા તેમજ મેડીકલ ઓફીસર સમક્ષની હીસ્ટ્રીમા તેમજ પોતાની જુબાનીમા વિરોધાભાસી હકીકતો જણાવેલ છે. તેમજ આ કામના ભોગબનનારને ભોગબનનારના માતા–પિતાએ મારીને ધમકાવીને પોલીસ સ્ટેશને લઈ જઈ ખોટી ફરીયાદ કરાવેલાની હકીકતો પણ ભોગબનનારે જણાવેલ છે. આમ ભોગબનનારની જુબાની વિરોધાભાસી હોવાનુ જણાય છે અને સ્પષ્ટ, ભરોસાપાત્ર અને વ્યાજબી શંકારહીત હોવાનું જણાય આવતુ નથી.

વધુમાં આ કામે તપાસેલ ભોગબનનારના માતા સાહેદ નં. ૬ અને પિતા સાહેદ નં. ૫ ની અનુક્રમે આંક–૨૭ અને આંક–૨૬ ની જુબાની ધ્યાને લેતાં તેઓની જુબાનીમાં પણ મહત્વની બાબતો વિશે વિરોધાભાસી હકીકતો હોવાનું જણાય આવે છે તેમજ ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓએ ભોગબનનારને આરોપી સાથે જતા નજરે જોયેલ ન હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે.

વધુમાં આ કામે તપાસેલ સાહેદ નં. ૮ મહેન્દ્રસિંહ ગુલાબસિંહ ડાભીની આંક–૩૦ ની જુબાની જોતાં તેઓએ આ કામના આરોપી ભોગબનનારને ભગાડીને લઈ ગયેલ હોવાનુ પોતાની જુબાનીમા જણાવી ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ તેઓને ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં આ કામના આરોપી ભોગબનનારને અગાઉ પણ ભગાડી ગયેલ હતા

અને તેઓને અંદરોઅંદર સમાધાન થઇ ગયેલ હતુ તેવી હકીકત તથા પાંચેક મહીના પહેલા ભોગબનનારના માતા–પિતાએ તેઓને તેમની છોકરી ઘરે થી જતી રહેલ હોવાની અને આરોપી લઇ ગયેલ હોવાનુ શક હોવાની હકીકત તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમા લખાવેલ ન હોવાનુ તેજ રીતે આગરવાડા ગામે સરપંચના ઘરે ગયેલા અને ત્યાથી મંદીરે જઇને બેસેલા અને પંચના માણસો આવેલા અને પંચ ભેગુ થયેલુ અને બનાવ બાબતે શું કરવાનું છે તેવું પંચના માણસોએ પુછતા છોકરાના વાલી વારસો હાજર નથી તેવુ કહેલ હોવાનુ અને ત્યારબાદ તેઓ ભોગબનનારને લઇને ઘરે આવેલ હોવાનુ ત્યારબાદ શું કરવુ તે બાબતે ચર્ચા કરેલી હોવાનુ અને ત્યારબાદ છોકરાના બંને બનેવીને બોલાવેલા અને તેઓએ ભોગબનનારના પિતા સાથે ઝઘડો કરેલ હોવાની હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમા લખાવેલ ન હોવાનું સ્વીકારેલ છે તેમજ પોલીસે તેઓની કોઇ પુછપરછ ન કરેલ હોવાનુ પણ સ્વીકારેલ છે. તેઓ તથા ભોગબનનારના માતા પિતા અને પંચના માણસોએ ભોગબનનારને પોલીસ સ્ટેશને લઇ ગયેલ હોવાનુ અને ત્યારબાદ પોલીસને તેઓએ બધી વાત કરેલ હોવાનુ અને ત્યારબાદ ફરીયાદ હકીકત લખેલ હોવાનુ સ્વીકારેલ છે. આમ સાહેદની જુબાની જોતા તેઓની જુબાનીમા પણ મહત્વની બાબતો વિશે વિરોધાભાસ હોવાનુ સ્પષ્ટ પણે જણાય આવે છે.

ત્યારબાદ સાહેદ નં. ૭ રતનસિંહ બાધરસિંહ બારીયાની આંક–૨૯ ની જુબાની જોતા તેઓ જે તે સમયે આગરવાડા ગ્રામ પંચાતના સરપંચ તરીકે સેવા આપતા હતા. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે.

વધુમા આ કામે તપાસેલ સાહેદ નં. ૧ પંચ, રતનાભાઇ ગલાભાઇ વણકર તથા સાહેદ નં. ૨ પંચ, ગુલાબભાઇ કાનાભાઇ પટેલીયાનાઓએ તેમની અનુક્રમે આંક–૯ અને આંક–૧૨ ની

જુબાનીમાં અનુક્રમે આંક–૧૦ અને ૧૧ ના ગુનાવાળી જગ્યાના તથા મોટરસાયકલ કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. વધુમા આ કામે સાહેદ નં. ૩ પંચ, પ્રવિણકુમાર કમજીભાઇ ડામોરે તેમની આંક–૧૪ ની જુબાનીમાં અનુક્રમે આંક–૧૬ ના આરોપીના કપડા કબજે કર્યાના તથા આંક–૧૯ ના ભોગબનનારના કપડા કબજે કર્યાના તેમજ આંક–૨૨ ના ભોગબનનારે ગુનાવાળી જગ્યા બતાવેલ તે જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે. પરંતુ બચાવ પક્ષે થયેલ સદર સાહેદની ઉલટતપાસ જોતાં બચાવ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. પરંતુ આ કામે તપાસ કરનાર અધિકારીની આંક–૫૭ ની જુબાનીમાં સદર ભોગબનનાર અને આરોપીના કપડા એફ.એસ.એલ. પૃથકકરણમા મોકલી આપેલા. જેનો રીપોર્ટ આંક–૭૪ થી રજુ થયેલ છે. જે ઘ્યાને લેતાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત સદર એફ.એસ.એલ. રીપોર્ટમાં જણાય આવેલ નથી. વધુમાં આ કામે તપાસેલ તપાસ કરનાર અધિકારી પી.આઇ. અંકુર બાબુભાઇ ચૌધરીની આંક–૫૭ ની જુબાની જોતાં તેઓએ કરેલ કાર્યવાહીને પોતાની જુબાનીમાં દોહરાવેલ છે અને ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ તેઓની ઉલટતપાસમાં ભોગબનનારના ગામના સરપંચનુ નિવેદન લીધેલ ન હોવાનુ તેમજ કાલાવાડ ગામે વાડીના માલીકનુ નિવેદન લીધેલ ન હોવાનુ તેમજ કાલાવાડ ગામે કોઇ પંચનામું કરેલ ન હોવાનુ તથા ફરીયાદ પાંચ દિવસ મોડી આપવામા આવેલ હોવાનુ અને પોતે કાલાવાડ ગામે તપાસમા ગયેલ ન હોવાનું તેઓ સ્વીકારેલ છે. તે જ રીતે આ કામે ભોગબનનારના માતા–પિતાએ તેમના નિવેદનમાં તથા સાહેદ મહેન્દ્રસિંહ ગુલાબસિંહ ડાભીએ તેમની જુબાનીમાં જે હકીકતો લખાવેલ છે તે હકીકતો તેમના પોલીસ રૂબરૂના નિવેદનમા લખાવેલ ન હોવાનું સ્વીકારેલ છે. તે સંજોગોમાં ઉપરોકત પોલીસ સાહેદની જુબાની ઘ્યાને લેતા, તેઓએ કરેલ કાર્યવાહીને પોતાની જુબાનીમાં દોહરાવેલ છે અને ફરીયાદ પક્ષની હકીકતને

સમર્થન આપેલ છે. પરંતુ, જયારે ભોગ બનનારની જુબાની વિરોધાભાસી હોવાનું તેમજ ભોગ બનનારની જુબાની વ્યાજબી શંકા રહિત ન હોવાનું જણાઈ આવતુ હોય ત્યારે ઉપરોકત પોલીસ સાહેદોની જુબાનીના આધારે વ્યાજબી શંકારહીત પુરવાર થયેલો માની શકાય નહી.

**૩૨.** આમ, ઉપરોકત પુરાવો જોતાં આ કામના ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે તેમજ ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હોય અને બંને સ્વેચ્છાએ અને રાજીખુશી થી ઘરેથી નીકળી જુદા જુદા સ્થળે ગયેલ હોવાનુ તથા ભોગબનનારે તેણીની મરજી થી આરોપી સાથે શરીર સંબંધ બાંધેલ હોવાનુ પણ રેકર્ડ ઉપરનો પુરાવો જોતા જણાય છે. વધુમાં આ કામના ભોગબનનારની જુબાની જોતા તેઓએ જે પુરાવો રજુ કરેલ છે તે સ્પષ્ટ, નકકર અને વ્યાજબી શંકારહીત હોવાનું જણાય આવતું નથી અને અન્ય સાહેદોનો પુરાવો પણ વિરોધાભાસી હોવાનું જણાય આવતું હોય તેમજ ઉપરોકત મુદ્દા નંબર-૧ માં ચર્ચા કર્યા મુજબ, બનાવ વખતે ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકારહીત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. તે સંજોગોમાં આ કામે ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ ભોગબનનારને તેણીના ઘરની નજીક રોડ ઉપર બોલાવી ગાલ ઉપર બે ત્રણ ઝાપટો મારી, ભોગબનનારને ધકકો મારી રોડની બાજુમા પાડી દઈ બાઈક ઉપર બેસવા જણાવી ભોગબનનારે ના પાડતા જાનથી મારી નાખવાની ધમકી આપી ભોગબનનારના વાલીની સંમતિ વગર મોટરસાયકલ ઉપર બેસાડી ભોગબનનારના ગામની નદી નજીકમા તથા જુદા જુદા ગામે લઈ જઈ અને ભોગબનનારની સંમતિ વિના અવાર નવાર શરીર સંબંધ બાંધી તેમજ ભોગબનનાર સાથે મોબાઈલ ઉપર જાતિય ઈરાદાથી વાતચીત કરી ગુનો કરેલ હોવાનુ ફરમાવેલ તહોમતનામું વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, ઉપરોકત સમગ્ર પુરાવો

ધ્યાને લેતા તથા ઉપરોકત ટાંકેલ નામદાર ઉપલી અદાલતોના ચુકાદા વંચાણે લેતા, હાલના કેસમાં પણ ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર કરેલ ન હોય તે સંજોગોમાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ સ્પષ્ટ અને નકકર પુરાવાથી વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, મુદ્દા **નંબર–૨ થી ૫** નો ઉત્તર **નકાર**માં આપી **મુદ્દા નંબર–૬** અન્વયે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:: આખરી હુ ક મ ::–

(૧) આ કેસના આરોપી નવીનકુમાર શનાભાઇ પગી, રહે. આગરવાડા, ટેકરા ફળીયું, તા. મોરવા હડફ,જિ. પંચમહાલ વાળાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(ર), ૧૧૫(ર), ૩૫૧(ર), ૬૪(ર)(એમ), ૬૫(૧), ૩૫ર તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુના ના–સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે હુકમ કરવામાં આવે છે કે, આ ચૂકાદા સામે અપીલ/ રીવીઝનનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે સંબંધે આરોપીની હાજરી ઉપલબ્ધ થાય તે માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) પુરાવામાં સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા અને આરોપીએ આપેલ આ જામીનખત તથા જાત મુચરકા આ હુકમથી ૦૬ માસ સુધી અસ્તિત્વમાં રહેશે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ મોટરસાયકલ નં. જી.જે. ૧૭ સી.કયુ. પર૯૯ અંગે અગાઉ

કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેવો હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલો ન હોય તો સદર મુદ્દામાલ ગાડીની માલિકી અંગેની ખરાઇ કરી તેના જે તે માલિકને અપીલ સમય વિત્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, જયારે બિનકિંમતી તમામ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીની અન્ય ગુનાના કામે જરૂર ન હોય તો આ ગુના પુરતો જેલમુકત કરવા સબંધીત જેલરશ્રીને યાદી કરવી.

આ હુકમ આજરોજ **તા:૩, માહે:જુન, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩/૬/૨૦૨૬.
ગોધરા.

( બીપીન કે. બારોટ )
જીજે–૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોકસો)અને
બીજા એડી.સેશન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.

(આર.એ.શર્મા)